રીતનું કારણ નથી.

૧૧ મો–૧ **૧૧ મો.** (૧) અને તે શકતીવાનને અશકત બનવાનું, અને તે આવ-
નારને[3] નહીં આવવાનું કારણ તથા ખાસ મુળને[4] લગતો સવાલ
"કેમ અને કેવી કેવી રીતે"ના સંબંધમાં ઉપર જે લખ્યું છે તે ઉપરથી
સમજ પડે છે.

૧૨–મો ૧ **૧૨ મો.** (૧) અને આ માંથ્રો[5] (પવીત્ર ભણતરો) અને અવસ્તામાં
જાહેર થયેલાં ખોદાનાં સત્ય વચણોમાં જે હરવિસ્પઆગાહી આપેલી છે,
તે દુન્યાનાં સઘળાં ફ્તેહમંદ[6] લોકોમાં ભલા મીનોઓના સર્વથી સરસ
ચલકાતવાલા (મીનોઇ) પોષાકનાં[7] જેવી છે, તે એટલે સુધી કે તેને લીધે
માણસોની સંઘળી કેળવણી અને વીદ્યામાંથી (હવે) દુન્યાદારીનું ખરાબ જ્ઞાન
૨ જતું રહ્યું છે. (૨) અને ઝંદ[8] કે જે એક રીતે મહોડે બોલાતી ભાષા
છે તે દુન્યામાં વધારે ફાહેર થઇ રહી છે, અને દુન્યામાં વધારે જાણીતી
૩ થયલી છે. (૩) અને ખુદ અવસ્તા પણ, અહુરમઝદની બશારતથી
જરથોશ્તે તે લાવવાને (યા દુન્યાને શીખવવાને) સબબે, બહુ બ્યાણ આપવા જોગ
૪ છે. (૪) અને તેની અંદર કાંઇ પણ જુઠું નથી, કે બેહુંદી અને દેવની
ખાસીયતવાલી ઇચ્છા નથી; પણ સઘળી સચ્ચાઇ અને ઇનસાફના ઉંચા
૫ નિયમો[9] અને ખોદાની ખુસ્તુદી વીષે (તેમાં) કહેવામાં આવેલું છે. (૫)
અને દેવોને માટે તેમાં કાંઇ પણ માન[10] દર્શાવવામાં આવ્યું નથી; અને તેની
અંદર, કોઇ પણ આદમીને (તે દીનથી) ઉલટા ચલાવવાની, કાંઇ પણ આશા
૬ દેવો રાખતા નથી. (૬) અને સઘળી તેવી (હસ્તીઓ) જેને દ્રુજનાં નામથી
ઓલખવામાં આવે છે તેઓનો તે (દીન)થી નાશ છે; પણ સારા મીનોઓને
૭ તે (દીન)ને લીધે[11] અને વળી (તેની) સચ્ચાઇઓને લીધે આનનદ છે. (૭)

ફારસી 'નહાર' ૧. 'પિસ્ન.' ૨. 'બઑદીહ.' ૩. બેહતર 'યાતુનતાર.' ૪. 'હમીચ બુની.' ૫. અવસ્તામાં જણાવેલા 'માંથ્ર સ્પેન્ત.' ૬. વાંચો 'હુઆવીગ,' 'ફ્તેહમંદ'; 'સારા ઝલકાતવાલા.'

૭. વાંચો 'નુઝગ,' પોષાક. K 43 પ્રમાણે 'નઝદ' ('વધારે ચલકાત ભરી રીતે) જોડાયલા.' ૮. એટલે 'અવસ્તાની શરેહ' અથવા સમજણ. ૯. 'મસ–દાતિસ્તાનીહા.' ૧૦. 'હુઆવ', 'સારો ઝલકાત', 'માન'. ૧૧. એટલે કે, અવસ્તામાં આવેલી ખોદાઇ દીનને લીધે.

અને દરેક દીશામાં (કે પ્રાંતમાં) એ ધર્મના એક એવા પેશ્વાને આવવાની[૧] જરૂર છે, જે અવસ્તાને અને દુન્યાની બીજી વચગાલેની (બોલાતી) ભાષાઓનો[૨] માહીતગાર (પ્રોફેસર)[૩] હોય; અને જેને વળી અવસ્તા ભાષાનો અર્થ કોઇ પણ (ભાષામાં) તદન સરલ રીતે સમજાવવાના કારણસર ત્યાં મોકળી આપવો જોઇએ.[૪]

૧૩ મો. (૧) અને એ (ખોદાઇ) દીન અને માંથ્રો અને તેને લગતાં બીજાં લખાણો, અસલ એબારતમાં એવી રીતે લખાવવાનો હોકમ આપવામાં આવ્યો હતો તેથી હમણા સુધી હાથનાં લખેલાં તેવાં હસ્ત લેખો (અથવા તેઓની નકલો) મોટી સંખ્યામાં જળવાઇ રહયાં છે. (૨) અને જેમ દીનની બશારત ઉપરથી જાહેર છે તેમ અવસ્તા કલામો મોઢે ગોખી રાખવાં જોઇએ,[૫] (કારણ કે) તેમાં ઘણા લાભો સમાયલા છે અને સઘળાંઓના (માલેક) તે એક[૬] (ખોદા)ની પરસ્તેશ, તારીફ અને જાહેરાત[૭]ને માટે તેમાંથી પુશ્કળ સારૂં કુવવત (પેદા થાય છે), કુદરતી બનાવો[૮]ની ખરી[૯] સમજ તેમાંથી (મલે) છે; અને તેટલા માટે તેવાં ઉંડાં ફરમાણો અને રેવાજો તરફ સચ્ચાઇથી અને ઉલટથી[૧૦] જાનફેશાની કરવી[૧૧] સજાવાર છે; (અને) જે સબબને લીધે (ધર્મનાં) ફરમાણોનું અસલ એબારતમાં ઝડપથી મહોડે બોલી જવું[૧૨] એ ઘણી વખત તે લખવા કરતાં વધારે (અસરકારક) હોય છે. (૩) બીજાં કેટલાંક કારણોને લીધે પણ તે કલામોને ઝમકદાર રીતે મહોડેથી પઢી જવાનાં (કામ) ને લખાણ (માં તેઓને જાલવી રાખવા) કરતાં વધારે જરૂરતું ગણવું અગત્યનું[૧૩] છે.

૧૩મો–૧ ૨ ૩

---

૧. વાંચો 'યાતુનિશ્નીહ.' ૨. 'મીયાનક ગેહાન હુઝવાનીગ,' દુન્યામાં લોકોથી બોલાતી જુદી જુદી ભાષાઓ જેનો ઉપયોગ, અવસ્તા સમજાવવા માટેનાં વસીલા તરીકે, કરવાની જરૂર છે તે ભાષાઓ. ૩. 'આશ્નાક–ગાસ.' ૪. 'શેદૂનિશ્નીહ,' એટલેકે, ધર્મ ફેલાવવા માટે એક દીનના પેશ્વાને જગે જગે મોકલવો. ૫. 'નર્મ કર્તન,' 'પવીત્ર લખાણોને મોઢે કરવાં.'

૬. DM. અને ED. પ્રમાણે 'વલા રમકાન અએવક.' K. પ્રમાણે–'વલ રમાન વ અએવક,' 'ધર્મી ટોલાંઓનો તે એકજ (સરદાર.)'—બાઇબલના 'ઓલ્ડ ટેસ્તેમેંટ'નાં નામવાલાં યાહુડીઓનાં લખાણમાં આ શબ્દો ઘણા સાધારણ હોવાથી, અને ખ્રીસ્તી સવાલ કરનારને તે કારણસર તે વધારે જાણીતા હોવાથી કદાચ દસ્તુર આતરો ફ્રોબાગે આ શબ્દો વાપર્યા હોય એમ લાગે છે. ૭. વાંચો 'આકાસિશ્ન.' ૮. સામાન્ય અર્થ, 'કુદરતી ચીજો.' ૯. 'વેષ,' 'ઘણી,' 'સરસ' ૧૦ 'હુદાત-રોએઇહા.' ૧૧ 'અવિસ્પાર્તન.' ૧૨ 'દાતિસ્તાન વાચીન બુન ગૂબિશ્નીહ.' ૧૩ 'ચિમીગ.'

૧૪મો–૧ **૧૪ મો.** (૧) દાદાર અહુરમઝદે આએ ધર્મ ફક્ત ઇરાન દેશમાંજ નહીં પણ આખી દુન્યામાં અને (માણસ જાતની) સઘળી પ્રજાઓમાં તે જાહેર કરવાને મોકલ્યો, અને આખી દુન્યામાં જ્યાં પવીત્રાઇ હતી ત્યાં, અને જ્યાં પવીત્રાઇ[1] ન હતી ત્યાં પણ, મીનોઇ રીતે (તેની) ઉમદા શીલસુરી, અને સચ્ચાઇથી ભરપુર વીચારો અને સચ્ચાઇથી ભરપુર વચનો મારફતે, અને દુન્યવી રીતે સચ્ચાઇથી ભરપુર કામોની મારફતે તેનો ફેલાવો કરાવ્યો છે.

૨ (૨) (આ દેશો અને પ્રજાઓ માંહેલાં) દરેકની અંદર એ ધર્મ એટલો તો ફેલાવો પામ્યો કે જે માણસ સર્વથી શકમંદ વીચાર ધરાવનાર બુરી દીનવાલો[2] હતો તેના સંબંધમાં પણ આ ધર્મ–જે તેની સઘળી પવીત્રાઇથી બહુ અગત્યનો છે–તે તેવી બગડેલી જીંદગીને ચમત્કારીક રીતે સુધારવામાં ફેલાવો પામ્યો.

૩–૪ (૩)વળી એ (દીન)ને માટે જોરજુલમની જરૂર નથી.(૪) આ ધર્મ હમેશાં આગલ વધતો રહ્યો છે, જેને લીધે[3] જે ખરાબ મીનો છે તે દુર્બળ થશે, અને તેથી તે ધર્મ સંપુર્ણ રીતે ફેલાવો પામશે, અને તેથી કરીને (આખી) દુન્યા પવીત્રાઇની (ટોચે)પહોંચશે.

૫ (૫) અને ખોદા કોઇને પણ દેવોનાં શિક્ષણ ઉપર નાખી મુકે નહીં.

૬ (૬) અને દુન્યાનાં (કેટલાંક) લોકો ખોદાની જાહેર કીધેલી દીન તદન ખાલેસ હાલતમાં કબુલ રાખતાં નથી અને તેનો ફેલાવો કરતાં નથી, બીજા શબ્દોમાં,[4] તેઓ તે (દીન)ને રખડતી નાખેછે અને તેથી ઉલટાં જાયછે, તેનું કારણ જે દીનમાં દરેક જાતની સચ્ચાઇ[5] સમાયલી છે તેનાં ખોદાઇ મુળની બીનલાયકાતમાં અથવા તેની (કાંઇ) સાધારણ ખામીમાં સમાયલું[6] નથી; પણ (તેનું કારણ તનની) અંદરખાનેના દેવોનાં આકર્ષણમાં, અને તે દેવો શરીરવાલા આકારમાં જે ભાગ[7] બજાવેછે તેમાં, અને (તેવા લોકો ઉપર) ફતેહ માટેની (દેવોની) લડાઇમાં (સમાયલું) છે; અને તે (ઉપરાંત) તેનું કારણ સારી રીતભાતો અને તનને લગતી દરૂસ્તીની બક્ષેશો માટે ખાહેશ નહી રાખવામાં, અને તેને માટે શોધ નહીં કરવામાં, અને બીમારીથી તનમાં જે બીગાડો થાય છે તેમાં, અને ફર્માનોને માન નહી આપવાને લીધે આલસાઇથી વખત ગુજારવામાં અને આલસાઇની ટેવોથી થતી બુરી એશઆરામમાં (સમાયલું છે.)

---

૧. જ્યાં ધર્મનું યકીન ભેલ સાથનું હતું. ૨ 'અગદએનતર.' ૩ 'અઝશ.'

૪. 'અયૂક' ૫. 'અદરૂગી.' ૬. 'વખ્ત.' ૭. 'બહર.'

૧૫ મો. (૧) આરાધનાના સંબંધમાં (જાણવું કે) ખોરશેદ, માહતાબ, આતશ, પાણી, અને બીજી રોશણીવાલી પેદાયશો અને સંઘળી સારી પેદાયશો સનમુખ (ખોદાનેજ) નમવાનો રેવાજ[1] છે. (૨)વળી (નમન કરવાનો)રેવાજ ભાઇઓ અને બીજાં નજદીકનાં સગાંવહાલાંઓમાં, અને કોઇવાર અમીર ઉમરાવોમાં તેમજ વડીલોમાં, અને કોઇવાર હમશેહેરીઓમાં[2] પણ છે; (અને તે રેવાજ) માણસોમાં એકમેકને સલામ[3] કરવાની અને (ખેરઆફી યત) પુછવાની (રીત)ના જેવો છે; અકસર કરીને જ્યારે તે આપણા વડીલો તરફથી કરવામાં આવેછે ત્યારે તે બહુ પ્યારૂં[4] લાગેછે. (૩) અને તે કાંઇ એકલી ખાસ પરસ્તેશ અને ભકિત નથી[5] કે જે તે સર્વેથી મહાન ખોદાને માટે અને ભલા મીનોઓને[6] માટે ફકટ એકજ રીતની છે; પણ તે (ઘણી રીતની) પરસ્તેશ છે (જે માણસથી) મહોડે અને જાતે હમેશાં[7] થવી જોઇએ છે. (૪) પરંતુ[8] જે દીનદુશ્મનો[9] અમને ધીક્કારે છે તેઓ પોતે પણ અસલના રેવાજ મુજબ માણસો પાસેથી ખોદાને લાયકનાં માન અને ભેટો[10] મેલવવાને લાયક થવા સારૂં આતુર[11] રહેછે.

૧૫ મો—૧ ૨ ૩ ૪

૧૬ મો. (૧) અને કુસ્તી[12] અને બીજો એવોજ મોતેબર પોશાક પહેરવાની (બાબત) તેને લગતા સવાલના ખાસ અને તુલોતવીલ[14] જવાબમાં,

૧૬ મો—૧

---

૧. 'આઇનીન.' ૨. વાંચો 'હમ-દેહીહા,' બેહતર 'હમખ્વાહીહા'; બીજું વાંચણ 'હમખારીહા,' 'એકમેક સાથે દીલસોજી ધરાવનારા'; અથવા 'હમહખી-હા' 'મીત્રો,' 'હમશરીકો.' ૩. 'શ્લમ વ પૂરસિશ્નીહ' ૪. 'નાઝક.' ૫. 'મીનીતારીહ.' ૬. 'યેઝત'; અથવા 'દાત,' 'કાયદો.' ૭. 'હમાઇ.' ૮. 'ચીગૂન.' ૯. 'અધદએનાંન', 'બુરીદીનવાલા' ૧૦. 'દેશ્નૂનાં.' ૧૧. 'અઉસ્તુક.' ૧૨. આ જવાબના સંબંધમાં જુવો "દાતિસ્તાન-ઇ-દીનીગ', સવાલ ૩૮ મો, અને તેનો દસ્તુર માનુશ્ચીહરે આપેલો જવાબ, "સેક્રેડ બુકસ ઑફ ધી ઇસ્ત," વૉલ્યુમ ૧૮ મું, ૧૨૨ અને તે પછીનાં પાનાં; તથા પાનાં ૩૮૩-૩૮૮; જુવો દીનકર્દ, કેતાબ ૮ મી, પ્રકરણ ૩૮ મો, ફકરો ૨૫ મો, પાનું ૧૨૫ મું, તથા પાનાં ૪૭૫-૪૭૬ માં, "સેક્રેડ બુકસ ઑફ ધી ઇસ્ત"ના વૉલ્યુમ ૩૭ માંની અંદર આપવામાં આવેલા ફકરાઓ. સરખાવો પહલવી બોલ સાથે અવસ્તા 'અઇવ્યાઑંઘન,' 'કુસ્તી.' ૧૩. વાંચો 'હન્ગર્તીક'; 'સાર.'

અને દીનના ગુણો સંબંધી એક વાઝમાં [1] આપવામાં આવી છે; જે દીન ડહાપણથી એકજ પએગમબરે બહાલ રાખી હતી અને જેનું પાયદાર ધર્મચુસ્તપણું [2] એવું હતું [3] કે તે માનતો હતો કે અહરમન વતીક તેનાં (યકીનની) સામે લડીને હાડમંદ દુન્યાને તોડી શકે નહી; અને વળી અવસ્તા અને ઝંદની બંદગીના ફકરા સુંદર કવીતારૂપી ગાયણના [4] સરોદમાં પઢવાની અસર, અથવા તેજ શબ્દો તેઓની લાયક જગોએ મોટે અવાજે પઢવાથી નીપજતા આવાજની અસર, દુન્યાના લોકોની ધર્મની ચોપડીઓમાં જણાવેલી ખોદાઇ દીનની બેવડી અસરના જેવીજ છે—તે અસરને (અહરમન) તોડી શકે નહી.

૨ (૨) તેમાની એક (બાબત) જે કાંઇ ચીજ દેખીતી રીતે સમજી શકાય તેનાં

૩ જ્ઞાનને લગતી છે. (૩) અને એક જે કાંઇ ચીજ દેખીતી રીતે સમજી શકાય

૪ નહી પણ જે માનવા લાયક છે તે સંબંધી તરીકાની મશહુરત છે. (૪) હમેશાં જ્યારે (ઇન્સાને) ઉસ્તવાર રહેવાથી અસલ ખોદાઇ દીન સમજવામાં આવે છે ત્યારે જે વેળાએ (કાંઇ ચીજ) સમજ ન પડી શકે એવું હોય ત્યારે

૫ કેમ કરવું તે તે (દીન) માંથીજ માલમ પડે છે. (૫) આવી તપાસમાં ધર્મચુસ્ત લોકોનો ધર્મના યકીનનો જે તરીકો જાહેર થયેલો છે તે વધારે ચહડયાતો છે; અને વલી જયારે કે બારે રાશિનાં સેતારાઓને [5] લગતું

૬ સંપુર્ણ જ્ઞાન ખુલ્લું બતાવવાને બની નહી શકે ત્યારે. (૬) વળી તે દીનની ફરજો (બરાબર વખતે) બજાવવાને માટેનો લાયક રસ્તો, ધર્મ સંબંધી સ્થાપણા અથવા બંધારણનાં કાયમપણાનો શક દુર કરનારાં [6]

૭ (મોતેબર) જ્ઞાનની માફક, તેમાંથી (એટલે ખોદાઇ દીનમાંથી) મળી આવે છે. (૭) અને છેલ્લે વળી આ સવાલોના જવાબના સંબંધમાં તે દીન કોઇ પણ રીતે સમજવી મુશ્કેલ નથી; ટુંકમાં તમો એમ કહી શકો કે (અવસ્તા અને

૮ ઝંદમાં) સઘળાં જ્ઞાનની ખોલ્લી સમજણ છે. (૮) વળી (તે દીનનો) તરીકો ઘણી

---

૧ સરખાવો અવસ્તા 'વચંઘ,' 'ભાષણ.' ૨ 'અઉસ્તીબાનીહ.' ૩ એટલે કે, (જે દીનમાં રહી) તે મજબુતીથી માનતો હતો કે: ૪ 'પવન હુબસાંન ગૂબિશ્ન અએવક વલ તનિદ.' ૫ 'દ્વાઝદાક દાનિશ્નીગ નિમૂતન'; એનો અર્થ 'જરથોસ્તી વર્ષના બાર માસના દરેકમાં નીતિ અને ધર્મ સંબંધી બજાવવાની ફરજો' થાય છે.—વળી આખી દુન્યાને લગતી ધર્મ સંબંધી અને પેદાયશ સંબંધી વીદ્યાને લગતો એ એશારોભી હોય.

૬ વાંચો 'પાતારીહ ઇ દીનીગ અનામ ઇ વીરૂનીશ્નીગ ગૂમાન'; છેલ્લા બે બોલનું વાંચણ નીચે મુજબ પણ થાય:—'વીરૂન સખૂનીગ ગૂમાન,' અથવા 'વરૂયિશ્નીગ હવાહ (હુમનાહ)'.

એક યોજનાઓથી ભરપુર (છે); અને જેમ ખોરાક તેના સ્વાદોમાં ભરપુર છે,[૧] તેમ તે તરીકો એ યોજેલા ધર્મ માંટે ભરપુર છે, અને જે (હમેશગીની) જીંદગીની સાથે હસ્તી ધરાવનારાં સાંધણુ[૨] તરીકે નોંઢવામાં આવેલો છે. (૯) કુસ્તી વળી તેની નિશાણુથીજ આ અને પેલી દુન્યાની મધ્ય હદ દેખાડે છે, એટલે કે માણુસનાં શરીર ઉપર તે આ દુન્યાની મીસલ દેખાડે છે; એક કારણુ એ કે તે તેના શરીરના ઉપલા અર્ધા ભાગ ઉપર પહેરવામાં આવે છે,[૩] અને બીજું કારણુ એકે નીચલા અર્ધા ભાગ ઉપર તેની મીસલ દેખાડવી એ બની શકે તેમ નથી. (૧૦) અને જેઓને[૪] માટે તે પહેરવાને હોકમ કરવામાં આવ્યો છે તેઓમાંથી જેઓ તેમ કરતા નથી તેઓનું કામ નાલાયક અને ધર્મના હુકમની છુપાવણી અથવા તે તોડવા બરાબર છે.
૯
૧૦

૧૭ મો. (૧) ખોદા[૫] ની પરસ્તેશ કરવામાં 'બર્સમ' અને 'દરૂન' અને બીજી જે પવીત્ર ચીજો ખાસ વાપડવામાં આવે છે તે હાડમંદ દુન્યાની જે સંધળી પેદાયશો માણુસની સરદારીમાં આપવામાં આવી છે તેના બહોળા સંબંધની નિશાણુ[૬] દાખલ છે. (૨) અને દેવો તેઓમાં (એટલે, તે પેદાયશોમાં) રહેઠાણુ કરવાને મજબુત કોશેશ કરે છે; અને દેવોના વીચાર, સખુન અને કામ તે માણુસોથી નાપસંદ[૭] કરવામાં આવે છે કે જેઓ દરેક જણુ સંપુર્ણ નેક મનસ્નીને લીધે અને ખોદાના સંબંધમાં ઉંચામાં
૧૭ મો–૧
૨

---

૧ DM. અને DE. માં 'ક્નાસ્કારાન,' '(પુષ્કલ જાતના ખોરાકની બનાવતના) અનુભવીઓનાં (સંબંધમાં છે તેમ). K. પ્રમાણે કદાચ 'જાન દેહયીગ' 'જીંદગી બખશનાર,' વંચાય.

૨ K. મુજબ: 'પવન જક હમ યેહવૂન વહાનક ઇ હઇતી'; DM. અને DE. મુજબ: 'હમ યેહવૂન નીશાનક ઇ હઇતી,' '(અમર્ગ) જીંદગીની સાથે હસ્તી ધરાવતી નીશાન.' ૩ 'વખ્ત.'

૪ 'કોલા મા,' કોઇ પણુ માણુસ અથવા ચીજ.

૫. 'યેહાન' અથવા 'યઝદાંન', ખોદા, અથવા 'આરાધવા લાયક મીનો', એવા બેઉ અર્થ થઇ શકે.

૬ 'નિસન્ગ'; દીનકર્દમાં એ શબ્દ 'સાર'ને અર્થે પણુ વપડાયલો છે.

૭ 'અકામીક', 'ઇચ્છા નહીં ધરાવતાં;' 'નાપસંદકરતાં.'

ઉંચો ચાહ ધરાવવાને (લીધે), અને તે રીતે ખોદાની તારીફ કરવાને (લીધે), પોતાનાં તન અને જીંદગીને તમામ ઉંચી સ્થીતિમાં લઇ જવાને [1] (ખંતી) છે; અને જેઓ તેટલા માટે [2] દેવોને ધીક્કારવાને [3] માટેનાં (ઇન્સાનો) છે.— (૩) જેમાંથી (એટલે, જે ખોદાઇ દીનમાંથી) ખાસ કરીને ખોદાનું સર્વોતમ રાજ્ય અને દેવોનું પડી ભાગવું જાહેર થાય છે. [4]

૧૮ મો—૧ **૧૮ મો.** (૧) અને યઝશ્નેની ક્રીયાને લીધે ભલા મીનોઓને થતા લાભ અને તેને લીધે [5] દેવોની નાબુદ થતી શકતીનો[6] પોકાર[7] (તેમાંથી જાહેર થાય છે). (૨) જો તે (સાહેબ) કે જે પેદા કરનાર છે તે શ્રેષ્ટ હોય તો તેનાં સર્વથી સરસ રાજ્યને લીધે દુન્યાને પણ તંગી વગરની [8] આપણે માનવી જોઇએ. (૩) વળી દેવોની સંપુર્ણ દેવપણાંની આલાયશ, અને જ્યાં પણ દેવોનું રહેઠાણ વધારે છે ત્યાંની આલાયશ પુશ્કલ હોય છે.

૧૯ મો—૧ **૧૯ મો.** (૧) જ્યારે શરીર મરણ પામે છે ત્યારે મરણ લાવનાર અને તેની કામ કરવાની શકતી છીનવી લેનાર દ્રુજ ''અસ્તવીદાત'' નહિં ખમાય એવાં જોરથી તેની ઉપર ગલબો કરે છે, અને તેને લીધે તે (શરીર) થી [9] જીંદગીની દુઃખદાયક જુદાગી થાય છે, અને જીવને જુદાં જુદાં પ્રાણસ્થાનોમાંથી (દુઃખ ભરી રીતે) રૂખસદ લેવી પડે છે; અને જ્યારે દેવોનું પરોણા લેખે[10] શરીરની અંદર દાખલ થવું થાય છે કે જેઓ ભાઇબંધીને છુટી પાડનારા તથા બાપ દીકરાની સગાઇ છુટી પાડનારા [11] (દેવો) છે, અને એ ઉપરાંત બીજા દેવો કે જેઓ ફરઝંદોની ખૂટ [12] લાવનારા છે (તેઓ પણ ત્યારે દાખલ થાય છે); અને

---

૧. 'ફ્રાઝ દાસ્તન.' ૨ 'પતશ.' ૩ 'નિફ્રૂહીતન.' ૪ સરખાવો ''દાતિસ્તાને દીનીગ,'' સવાલ ૪૭ મો, ફકરો ૧૭ મો, ''સેક્રેડ બુકસ ઑફ ધી ઇસ્ત,'' વૉલ્યુમ ૧૮ મું, પાનું ૧૬૫ મું. ૫ 'અમતચ', 'અને જ્યારે'. ૬ અથવા, રાજ્ય. ૭ વાંચો 'અએવાઝ.' ૮ 'અવીનીયાઝ.'

૯ એટલે કે, શરીરથી કે 'અસ્તવીદાતથી'; જુવો વંદીદાદ, ફર્ગર્દ ૪ થી, ફકરો ૪૯ મો, અને ૫ મી, ફ. ૮—૯. ૧૦ 'પવન માહમાનીહ,' 'પરોણાગત માટે.' ૧૧ વાંચો 'ઝિયશ બ્રાતરાન દૂદ જવિતારાન વ પૂસ (જ)વિતારાન,' 'ભાઇઓનાં કુટુંબને છુટાં પાડનારા, અને દીકરાઓને છુટા પાડનારા.' બીજો તર્જુમો નીચે મુજબ થઇ શકે:—''જેઓ ખુન કરનારા ('બ્રાતુતારાન'), નાશ કરનારા ('દુસનીતારાન') અને આલુદે કરનારા ('પૂસિનીતારાન'), અને બીજાઓ જેઓ ફરઝંદો નહીં થાય એવું (બુરૂં કામ) કરનારા છે તેઓ.''—સરખાવો ફારસી 'દૂસીદન',' અવ્યવોનું મંદ થવું'', અને ફારસી 'પૂસિદન,' 'બગાડ કરવો.' ૧૨ ફરઝંદની ગેરહાજરી.

તે મુજબ જીંદગીની સાથે હસ્તી ધરાવતી ચીજો જેમકે સારી બુદ્ધી,[૧] પવીત્રાઇ,[૨] દુઃખ સહન કરવાની સદગુણી શક્તિ, અને સારી નીતિમાન હીમત[૩] અને શરીરવાલી હસ્તીમાં સમાયલા બીજા લાયક ગુણોનું આજેઝ થવું[૪], યાને નાબુદ થવું થાય છે. (૨) અને શરીરની પોતાની અંદર તે (દેવો) ઘણે દરજજે (અનદીઠ રીતે) ભરાઇને[૫] રહેઠાણ કરે છે તે છતાં તેમાંથી તદ્દન ખરાબ વાસ, આલુદગી અને માંદગીનાં સઘળાં મુળો બહાર પ્રગટી નિકલે છે.[૬] (૩) અને ત્યાં કે જ્યાં (કહોવાડી નાખનારાં દરદો કે) દેવો રહે ત્યાં એક નિયમ તરીકે આલાયશ જાહેર થવીજ જોઇએ, અને તેની સામે કાંઇ પણ લડત (ત્યારે કરવી) જોઇએ નહીં;[૮] ત્યાંથીજ[૯] તે નાપાકી અને બગાડનો પુષ્કલ વધારો[૧૦] થતો કહેવાય છે, કે જેથી જે ભાગો[૧૧] કે શરીરમાં જીંદગીને માટે અવશ્યના હતા તે શરીરના મરી જવાથી છુટા થાયછે. (૪) ફકત ચરબી[૧૨] હોવાને લીધેજ નહીં, પણ ખુન અને લોહી, અને બીજી ચીજો જે "હીખ"ના[૧૩] નામથી ઓલખાય છે તેથી પણ, અને મુવેલાં તનનાં પ્રવાહ[૧૪] જેવું ગંધાતું[૧૫] માસીક માંદગીનું વેહેવું, જે પેટમાં (મરી ગયલાં) બચ્ચાંની તોખ્મ[૧૬] ને લીધે[૧૭] વધારે ગંદકી ભરેલું થાય છે, તેને લીધે પણ [મુવેલું શરીર વધારે આલુદેહ થાય છે.[૧૮]] (૫) તે કારણસર, આગલ જણાવવામાં આવેલા[૧૯] દેવોની સાથે તેમાં (એટલે, શરીરની અંદર) ફરઝંદની ગેરહાજરી લાવનારો,[૨૦] યાને જન્મનો નાશ કરનારો દુજ, અને તેને બાહેર જાસ્તીથી ખેંચી કહાડનારો અને

૨ ૩ ૪ ૫

---

૧ અથવા, સારો પમરાત. ૨ મીનોઇ સ્વચ્છતા. ૩ 'હૂચીહરીહ.' ૪. 'અનઆવીતાન'. ૫ અવસ્તા 'વર,' 'ધાંકવુ,' 'સંતાડવું.' ૬. 'દમેન્દ.'

૭. 'અઇવીનક.' ૮. એટલેકે, 'એક જરથોસ્તીને સજાવાર છે કે તે નસાના ઝેર સાથે લડત ચલાવી તેને લાશમાંથી દુર કરવાની તેણે નકામી તજવીજ કરવી નહીં.' ૯. 'મિન લતમા,' 'અહીંથી.' ૧૦. 'મદમ રીમનીહ.' ૧૧. 'બાહરાન.' ૧૨. 'પએત;' સરખાવો ફારસી 'પી' 'ચરબી.' ૧૩. સરખાવો અવસ્તા 'હીખ', સુકી અસ્વચ્છ ચીજ, જેમકે, બાલ, નખ, વીગેરે. ૧૪. 'તર,' 'લીલું.' ૧૫. 'ગરાઇ તર.' ૧૬. 'હમબુનીગીહ.' ૧૭. અથવા, 'પેટમાંનાં બચ્ચાંનાં તેની માવતરનાં મુવેલાં શરીરની સાથે કોહી જવાના સબબે.' ૧૮. જુવો સવાલ ૨૦ મો, જેનો આ જવાબ છે. ૧૯. 'હચપર નિપિસ્ત.' ૨૦. 'અનઝાગીહ.'

ઓરતોનાં બચ્ચાંને જપત કરનારો[1] દેવ, અને તેઓ સામે સર્વેથી વધું વેર ધરાવતો દ્રુજ પણ રહેઠાણ મેલવે છે. (૬) જે ઉપરથી તે દ્રુજોની જાતો પણ ઘણી વધારે [2] છે.

૨૦ મો–૧

૨૦ મો. (૧) એક શેહવત પરસ્ત સ્ત્રીનાં [3] અંતકરણને દુઃખ દેનારી ચીજોનાં કારણોમાંનું એક તો એકે હલકી આબરૂવાલી[4] સ્ત્રીજાતીનાં શેહવતનાં ભયંકર [5] અને સખ્ત પરાક્રમ, અને આ બાકી દુન્યાનોજ વીચાર કરનારી બદકાર સ્ત્રીઓને લગતાં અતેરાંથી તેણીઓમાં થતો જોર છે; અને તેવી (છુપી બદકારી) જે આંખોથી જોઇ શકાય એ શકમંદ છે તે પણ મીનોઇ ભલી હસ્તીઓને જાણીતી છે. (૨) એ ઉપરાંત મીનોઇ આગાહી કરનારાઓ બીજા આતમીક (અનદીઠ) દુર્ગુણો કે પાપો પણ જોવાને શક્તિવાન છે. (૩) તેટલા માટે, (તે બદકારને) ઓલખવાથી અને તેણીથી (એટલે, અનીતીમાન સ્ત્રીથી) પરહિઝ રહેવાથી (માણસને માટે) મીનોઇ દોલતનું ગ્નાન અને અહુરમઝદી દીન જે સઉથી સરસ ફીલસુફીથી ભરપુર છે અને જેમાં ઇશ્વરે નીસ્તીમાંથી [6] હસ્તી બનાવવાનું જે કહેવામાં આવ્યું છે તેનું ગ્નાણ હાંસલ કરવાને મદદ[7] મલેછે. (૪) માણસો અસલથી માનતા આવેલા ધર્મ તરીકે કોઇ પણ ધર્મને જો ઓલખાવવામાં આવે તો તે આ (દીન) છે, જે સઉથી સરસ ડહાપણનું બીજું નામ છે અને જે મીનોઇ સમજ શકતીથી કબુલ રાખવામાં આવીછે તેની સાથે તે ધર્મ જોડાયલો[8] છે–તે ધર્મ કે જેની હસ્તી તેનાથી (એટલે, ખોદાઇ દીનની વાકેફીથી) જાહેર થાય છે, તે સારી રીતે જળવાવો જોઇએ. [9]

---

૧. વાંચો 'પાતીરાનગર'; સરખાવો 'પાતીરાનગરીહ', દીનકર્દ, કેતાબ ૮ મી, ફકરો ૨૯ મો, "સેક્રેદ બુકસ ઑફ ધી ઇસ્ત"નાં વૉલ્યુમ ૩૭ નું પાનું ૧૪૨ મું.

૨. K. મુજબ વાંચો 'મિનિચ નીશા'; અર્થ 'ઓરતોના કરતાં (પણ તે દ્રુજોની જાતો વધારેછ.') ૩. વાંચો 'નીશાઇ વૂસસ્તક પવનિચ ખયા ઝનિશ્નીહ મન્દવમાન ચિમ'; 'નીશા ઇ વૂસસ્તક'નો બીજો અર્થ: 'અધુરે બાલક જનનારી ઓરત,' ત્રીજો અર્થ: 'મરદ સાથે લગ્નનો હક ભોગવનારી ઓરત' થાય છે. ૪. K મુજબ 'જેહીન (સૂરાતક).' ૫. સરખાવો ફારસી 'ઝનદહ.' ૬. 'મિન લેવીતીહ.' ૭. 'અવસ્તાન.' ૮. 'લૅવટા.'

૯. 'હૂદાસ્તન આવાયત.' DM અને DE મુજબ 'અનદાખ્તન આવાયત,'' 'સારી રીતે ભેગો કરવો જોઇએ.'

૨૧ મો. (૧) અને તે દેવ (એટલે, બદકારી)નું આખાં શરીરમાં પુશ્કલ અતેરૂં થવાથી નીપજેલી થાકને લીધે એક ખોલ્લા ભાગમાંથી (કવખતે) માસીક માંદગીનું વેહેવું થાયછે, અને તેના વેહેવા સાથે તેણીની ખાકી અને મીનોઇ ગંદગી અને રીમની[1] બાહેર ફાટી નીકલેછે.[2] (૨) અને તે કારણને લીધે (તેવી) રીમનીનું જેટલું જોર છે તેટલું તેનેથી દુર પરહિઝ રહેવા[3] માટે (જીવતાંઓ)ને માટે કૌવત (જોઇએ); અને જે કોઇ ચીજ પવીત્રાઇની બાબતમાં તેની ઘણી નાજુકીને લીધે વધારે સ્વચ્છ છે, અને ખાસ કરીને તેથી પણ વધારે (હોમ, અઇવ્યનઘન, વગેરે) પવીત્ર આલાટો જે પાક દાદારની (આરાધનામાં કરવામાં આવતી) યજશ્નેની ક્રીયામાં વપડાયછે, તેને ઉપલી રીમનીથી ઘણી વધારે જાલવવી જોઇએ. (૩) બીજી જાતનું લોહી જે ખાકી શરીરને સંગારેછે,[4] તેથી માસીક માંદગીનું વેહેતું પ્રવાહી રંગમાં જુદું છે, અને તે વેહવાથી ખોરાકોનો સ્વાદ ખામી ભરેલો તથા ખોરાક સ્વાદ વગરનો લાગેછે, અને જ્યાં તે નીકલેછે ત્યાં તે શરીરનો બગાડબી તેથી થાય છે. (૪) તેના સમાગમમાં[5] જે પાણી અને ઓરવર (ઝાડપાન) આવે છે તે પણ બગડી જાયછે, અને ખાવાની ચીજો (તેઓના) સ્વાદમાં બદલાઇ જાએછે. (૫) અને એક સભામાં કે એક ધર્મી તકરારમાં પણ જે મદદગાર[6] અકકલ, મન અને ડહાપણને તેને લીધે પુશ્કલ જાતનું નુકસાન થાયછે, જે બીજા બાહોશ ફીલસુફોને[7] રોશન છે.

૨૧ મો—૧ ... ૨ ... ૩ ... ૪ ... ૫

૨૨ મો. (૧) અને જ્યારે[8] દેવોના જન્મ વીષે ગુંચવાડો લાગેછે ત્યારે કોઇપણ પ્રકારના જન્મ વીષે, એટલેકે હસ્તી ધરાવતી ચીજોની વખતોવખત જે રીતે વધ થાયછે તે વીષે, તપાસ કરવી જોઇએ; જેથી એમ (માલમ પડશે)કે જ્યાં છુપી રીતે[9] કાયદા વીરૂધ હીલચાલ અને નાલાયક

૨૨ મો—૧

---

૧. અથવા, તેણીની પોતાની ખાકી અને મીનોઇ ગંદગી અને આલાયશ (આખાં શરીર ઉપર પણ) ફુટી નીકલેછે. ૨ 'બીરૂન યેહવૂનેત.'

૩. 'દૂર પાહરીઝિશ્ન.' ૪. 'વઇરાએ.' ૫. 'વલિચ.'

૬. 'અવાકાન'. ૭. 'શ્નાસગાન.'

૮. 'મૂત' શબ્દ 'અમત'ને બદલે વપડાયલો છે.

૯. વાંચો 'અનપએતાક', સાધારણ રીતે 'અપએતાક.'

વર્તણુંક બહુ વધતાં પ્રમાણમાં જોવામાં આવે છે તે જગોએ દેવોનું વધવું[1] સઉથી વધારે છે. (૨) અને એમાંથી જનાકારીનું[2] છુપું બી, અને ખોદા સામેનો ધીક્કાર, અને બેયેની સાથનો[3] પતપતારો,[4] અને બીજા દુર્ગુણો જન્મ પામેલા કહેવાય છે; કારણ કે નાલાયક વર્તણુક[5] અને કાયદા વીરૂધની હીલચાલથી કાયદાસરનાં નિયમોથી અને સારી રીતભાતથી ઉપજતા સંતોષ વીષે ઇન્સાન શરમંદ બને છે.

૨૩ મો–૧ **૨૩ મો.** (૧)ઘણી જાતના દેવો દુન્યાને નુકસાન કરતા રહ્યા છે, પણ દેવોના જોર કરતાં તેઓની સામેનો બચાવ વધારે મજબુત છે, જેથી તેઓને હાથે સઘળી ચીજોને યાહોમ ગલ્પ કરવા દેવામાં આવતી નથી. ૨ (૨) કારણ કે માણસોની તે જાતની કાયદા વીરૂધ હીલચાલની વર્તણુકને લીધે દેવો જેટલા જોશથી[6] આગલ વધે છે, તેટલાંજ જોરનો માણસોની કાયદાસર વર્તણુકને લીધે તેમાં તે દેવોની સામે ફટકો સમાયલો છે, અને માણસોથી ભડકીને[7] તેઓ પાછલ નાસે છે; અને આખી દુન્યામાં દેવોન-કરતાં ભલા મીનોઓનાં કામને માટે (આદમીઓમાં) વધતી ખાહેશ હોય છો

૨૪ મો–૧ **૨૪ મો.** (૧) એવા સબબોને લીધે એક હમબીસ્તર થએલી[8] ઑરત, અને જે માણસ પોતામાં કાંઇ રીમની છે એવી શંકા ધરાવતો હોય તેણે જ્યારે મુવેલી ચીજની રીમની એ મુજબ જાહેર થાય ત્યારે ન્હાવુ જોઇએ. ૨ (૨) અને દુન્યાની (એવી રીમન કરનારી) બેશુમાર ચીજો (છે) કે જેની સાબેતી વીષે કાંઇ પણ અજાયબ જેવું[9] નથી, વાસ્તે કેવી જાતની મુખ્ય

---

૧ વાંચો 'બૂષિશ્ન;' અથવા 'બૂજીશ્ન.,' અવસ્તા ધાતુ 'બુષ,' 'સખ્ત હોવું,' જે ઉપરથી 'ઘાતકીપણું', સખ્તાઇ' નો અર્થ થાય; અથવા સંસ્કૃત ધાતુ 'ભર્જ,' 'પરસ્તેશ કરવી', જે ઉપરથી 'દેવોની પરસ્તેશનો' અર્થ થઇ શકે.

૨ વાંચો 'અનશવાઇહા'; સરખાવો ફારસી 'શવા,' 'ખાવંદ;' અથવા 'અનશવરીહા'ને બદલે 'અનશોવરીહા,' સરખાવો ફારસી 'શોર,' 'ધણી,' એ ઉપરથી જનાકારીનો અર્થ નીકલી શકે છે.

૩ વાંચો 'અનઆસાનીગ'; કદાચ 'ખ્વહિશ્નીગ,' 'મરજી મુજબ.'

૪ 'દ્રાયાન ગૂયિશ્નીહ.' ૫ 'અનઆઇનીનગીહ.'

૬ 'વસ્તાખોઇહા.' ૭ 'સીયાકીહા,' કદાચ 'સૂજાગીયા,' અથવા 'સીજદાગીહા,' 'દુખથી બલીને.' ૮ પહલવી શબ્દનો અર્થ; 'અધુરે છોકરું જનનારી ઑરત' પણ થાય.

૯ વાંચો 'શિકફ્તીહ લેવીત.' બોલેબોલનો અર્થ:–'તેમાં કાંઇ પણ અજાયબી નથી.'

સાવચેતીઓ [૧] લેવી તેનાં વીષેનો લાયક એતેકાદ [૨] વધતે ઓછે દરજ્જે અક્કલથી શોધી કહાડવો જોઇએ; અને જો તેને માટે વપડાતા શબ્દો નહિં વાપડવા લાયક[૩] માલમ પડે (તોપણ) તે વીષે શક લઇ જવો નહીં જોઇએ, [૪] પણ તેઓની લાયક જગોએ તેઓનો ઉપયોગ કરવો જોઇએ.(૩) ૩
અને ફીલસુફો ધારે છે કે એક બહુ અગત્યની ચીજનું કારણ તેની પોતાની ખાસીયત, અને નહીં કે તેના જુદા જુદા ઉપયોગો [૫] છે. (૪) અને ફરજંદો ૪
પેદા થવાનો સરેસ્તો શું છે તે વીષે લોકો (ખરેખર) દરકાર કરતાં નથી; તોપણ તેની ખાસીયત એવી છે કે તે ડાહયા ફીલસુફોને (પોતાની ઉંઘાડી નજરે) જાહેર જોતા હોય તેટલી ખોહ્લી છે. (૫) અને બદફેલીનાં દરદોને ૫
લગતી વૈદો તરફથી સામાન્ય રીતે કરવામાં આવેલી તપાસ જોકે [૬] ફીલસુફો કબુલ રાખે છે, તોપણ આવી નુકસાની ભરેલી રીમનીમાંથી તનને પાક કરવાની (બરસ્નુમ કરતાં) વધારે સરસ રીત [૭] હજી શોધી કહાડવામાં આવી નથી.

૨૫ મો. (૧)અને એમ પાક કરવાની રીતની મતલબ એ છે કે તે ક્રીયા ૨૫ મો—૧
વારંવાર ઑરતે નહીં પણ પુરૂષે વધારે કરવાની છે; અને વળી અશો માણસની[૮] નીતિ ભરેલી હીમત દેવોનો વધારે ભયંકર રીતે [૯] નાશ કરેછે, (અને) તેથી નીતિની સાંમે થનારી જુદી જુદી સ્ત્રીઓ [૧૦] પણ ઘણીવાર ઉંધે મસ્તક પડે છે;[૧૧] અને દેવો પુરૂષની ખાસીયતના હોવાથી ઑરતોથી

---

૧ 'માતક ઇ પસિજગીહા,' 'તૈયારીનાં મુળો.' ૨ 'આવાયિશ્નીગ વીરૂયિશ્નીહ.' ૩ 'ઝેશ્ત.' ૪ 'મિન ગૂમાન લા.' ૫ વાંચો 'વખ્ધુન્તીહા.' એ શબ્દ 'વબીદુન્તીહા', 'રીતભાતો' પણ વંચાય.

૬. પહલવી 'હત અમત' સાથે સરખાવો ફારસી 'ગરચેહ', 'જોકે', 'છતાં.' ૭. વાંચો 'આઇનક,' રીત, રેવાજ. DM નું વાંચણુ 'આહૂક' છે, અને તે પ્રમાણે અર્થ એમ થાય: "આવી નુકસાની ભરેલી રીમનીમાંથી પવિત્રાઇ લાવવા (ની હાલની રીત)માં કોઇ પણ ખામી વધારે જાહેર થતી નથી;" અને 'નસૂશ'ને બદલે 'અઝશ' વંચાય તોઃ—"આ નુકસાની ભરેલાં (દરદ)ને સાફ કરવાની ચાલુ રીતમાં કાંઇ પણ ખામી જોવામાં આવતી નથી." ૮. જે (મોબદ) પાક કરવાની ક્રીયા બીજા શખ્સપર કરે છે તે. ૯. વાંચો 'વેશ સહમીહા.' ૧૦. એટલે, અનીતિની પક્ષની જુદી જુદી સ્ત્રી મીત્રો, યાને અહરમનની સ્ત્રી પક્ષકારો. ૧૧. 'વલ ચીહર અફગુન્દીત પેગવીમૂનેત.'

તેઓને બીહવાનું થોડું હોય છે, જ્યારે બીજી બાબદો જેમાં બંધારણ[1] એ જાતનું નથી હોતું તેમાં ઓરત કરતાં પુરૂષને વધારે ચહડયાતો ગણવો જોઇતો નથી. (૨) અને જે (કામ) ભુંડું[2] ધારવામાં આવે છે[3] તેની વીગત ઉપર લખ્યા મુજબ છે, અને તેથી ગમે એવાં મુશ્કેલ કારણ છતાં[4] એક માણસે પરહિઝ રહેવું જોઇએ, અને મરકી જેવો રોગ પેદા થવા દેવે નહીં જોઇએ.[5]

૨૬ મો-૧

૨૬ મો. (૧) ગોસ્પંદને જબે કરવા તેની સનમુખ છરીને બદલે પહેલાં લાકડી લઇ જવાનો **સબબ**, અને બીજી જે કાંઇ ચીજો, ક્રીયાકામને માટે વાપરવામાં આવતાં ગોસ્પંદ શિવાયનાં, બીજાં ગોસ્પંદના સંબંધમાં (તેને કાપતી વેળાએ) લઇ જવામાં આવે છે, તેની મતલબ તેનાં શરીરમાં હસ્તી ધરાવતી જુદી જુદી બદ અસરો જેવી કે, ખસી નહીં કરેલાં એક જાનવરનો કરડો દેખાવ,[6] અને (તેના ગોસ્તનો) ખરાબ સ્વાદ[7] વગેરે દુર કરવાની છે. (૨) ક્રીયાકામમાં[8] વાપરવામાં આવતાં ગોસ્પંદો સંબંધી એવી રૂઢી છે કે તેઓને કાયદા વીરૂધ અને ઘાતકીપણે[9] મારી નાખવાં નહીં, અને તેવાં ગોસ્પંદો (ની કતલ)ને માટે મારી (માગવી.) (૩) આ રૂઢીથી[10] તે (જાનવરને) છરી વડે કતલ કરવાથી તે (કતલ કરનાર)ને કાંઇ પણ બાહીક કે દુઃખ રહેતું નથી; તો પણ ઘાતકીપણે[11] અને વારંવાર અને કોઇબી વખતે સખ્તાઇથી[12] ગોસ્પંદોને કતલ કરવાની કોઇએ બી ખાહેશ રાખવી નહીં જોઇએ.

૨૭ મો-૧

૨૭ મો. (૧) અને રીમનીથી બરસમને[13] ઘણું દુર રાખવાનું એક (કારણ),[14] ઉપર જણાવેલાં કારણ ઉપરાંત, આ છે કે (હોમની) એક

---

૧. 'માતગીગ,' માણસીક શરીરની ખાસ ખાસીયતને લગતું.

૨. 'નીર્લંજ.' ૩ એટલે, લાગે છે. ૪. 'વલ હીચચિમી.'

૫. 'સિજ લા સઝયીતન.' ૬. 'વીશ ખારીહ', 'બુરાઇ'. ૭. 'દૂશમિઝ ગીહ,' ખરાબ સ્વાદ; સરખાવો ફારસી 'મઝેહ,' ૮ 'નીરંગીહા.' ૯ 'હરેદીહા.' ૧૦. 'રાસ', રસ્તો. ૧૧. અથવા, મુર્ખાઇથી. ૧૧. વાંચો 'તીઝીહા.' ૧૩. સરખાવો અવસ્તા 'બરેસ્મન.' ૧૪. 'અએવક (ચીમ);' એ શબ્દ 'આઇનક','રૂઢી' પણ વંચાય, અને તે ઉપરથી 'રૂઢી એવીછે કે':એવો અર્થ થાય.

દાંખલી[૧] જે સાત અમશાસ્પંદો (જેઓ) હાડમંદ હસ્તીઓ ઉપર (મવક્કલ) છે તેઓની તેમજ કુલ જગતની નીશાન[૨] જેવી છે, તેને ઉપર જણાવા વામાં આવેલા રેવાજ મુજબ યજશ્નેની ક્રીયામાં ભલા મીનોઓને અર્પણ કરવામાં આવે છે, અને તેટલા માટે[૩] તે ઝાડ (એટલે, હોમનાં ઝાડ) નાં સંબંધમાં એવો રેવાજ છે કે તેને ઘણું પવિત્ર રાખવું.

૨૮ મો. (૧)અને મીયઝદની (યાને આફ્રંગાનની ક્રીયાની) રૂઢીમાં પણ જોવામાં આવતાં તેનાં મલતાપણાંનું કારણ આ છે કે તેમાં ખોદાની વખાણ અને આરાધના કરવાની મતલબ[૪] છે વાસ્તે (ખોદાએ બક્ષેલી આ) જીંદગીને પણ પુશ્કલ ચાહવું[૫] સજાવાર છે. (૨) એજ કારણસર યજશ્નેની ક્રીયા કાંઇ પણ ખામી વગર કરવાનું દીનમાં ફરમાવેલું છે, અને તે ક્રીયાની સાથે તનોમંદ દુનયાની હસ્તીનું રક્ષણ કરનાર (ખોદા)ને માટે સંગીન પ્રાર્થના[૬] શરીરને હમેશાં ટકાવી રાખનારાં બીજાં (કુદરતની પેદાયશનાં) બધાં સાધનો સાથે કરવામાં આવે છે.[૭] (૩) અને હાડમંદ હસ્તીને ટકાવી રાખવા માટેની સઘળી રૂઢીઓ ખોદાની તરફ યજશ્ને, સેતાયશ અને તેનાં ફરમાનો તરફ જાનફેશાની કરવાનાં કામ સાથે એટલો તો ઘાડો સંબંધ ધરાવે છે કે દરેક જગાએથી શરીર અને તેનાં ટકાઉપણાંને ખોદાની આરાધના અને સેતાયશને લીધે સારી મદદ[૮] મલે છે; ખાસ કરીને જયાં[૯] આરાધના અને સેતાયશ ઘરનાં કુટુંબીઓમાં સંપુર્ણ ભક્તિભાવ સાથે કરવામાં આવે છે ત્યાં સંપુર્ણ આજેઝી સાથની બંદગીની ખોદાની બહાલીને લીધે તેમ મલે છે. (૪) વળી ખોરાક ખાવાની ઇચ્છા સાથે સંપુર્ણ ભક્તિભાવ સાથનાં તારીફ અને ઉપકારના સખુનો જોડાયલા છે, અને તેજ મુજબ (ખાધા

૨૮ મો—૧

૨

૩

૪

---

૧ વાંચો 'નહલક–ઇ'; સરખાવો ફારસી 'નહાલ'; એનું વાંચણ 'વસવદ–ઇ', ('વસો–વત–ઇ') 'મરજી પ્રમાણે છુંદવામાં આવેલી હોમસલી', એમ પણ થાય. કદાચ, 'નિસન્ગ–ઇ', એટલે 'એક નમુનો'; K મુજબ 'સન્ગ–ઇ,' અને તે યજશ્નેની ક્રીયા વેળાએ આલાતો મુકવા માટેના 'ખ્વાન'ને નામે ઓલખાતા પથ્થર વીષે વાપડી શકાય. ૨ 'નિમૂનક.' ૩ 'મિન ઝક.' ૪ 'આહન્ગ.' ૫ 'દૂશીતન;' જો 'કુશીતન' વાંચ્યે તો એનો અર્થ: "(ખોદાને અર્પણ કરેલી)ભેટો માટે પુષ્કલ મેહેનત કરવી" એવો થાય, જેમાં 'જાન'ને 'યાન' તરીકે વાંચવો જોઇએ; સરખાવો અવસ્તા 'યાનીમ.' ૬ વાંચો 'પુર–ઝદયીશ્ન'; અવસ્તા 'જદ્દ,' 'માંગવું.' બીજું વાંચણ 'પુર–ઝાયીશ્ન,' એટલે 'પુરેપુરી ઉત્પતી.' ૭ 'હમબન્દ કર્ત યેગવીમૂનેત.'

૮ 'દૂ–ફ્રયાત.' ૯ 'અઇધ'ને બદલે 'અએ' વપડાયલો છે.

બાદ) પણ ઉપકાર અને તારીફના સખુનો ફરીથી બોલવામાં, અને ફરીથી (ખોદાની) ખુબી ગાવામાં, અને બીજી લાયક ફરજો[1] બજાવવામાં, એજ

૫ અસલ નેમ જાલવી રાખવામાં આવી છે.[2] (૫) અને ખુશ લાગતા સ્વાદની સાથે ખાણાં અને પીણાંની સંપુર્ણ સફાઇ, પવીત્ર મીયઝદની લાયક ગોઠવણ, અને ખાવાની બાબતમાં હદ ઓલંગી નહીં જવાએ[3] એવી (મધ્યમસરની) સંઘળી રૂઢીઓ સમજુ લોકોમાં[4] ઘણી પસંદ કરવામાં આવે છે.

૨૯ મો–૧ **૨૯ મો.** (૧)અને ફ્રવર્દેગાનનાં દીવસોમાં અને (વર્ષનાં) બીજા (પવિત્ર) હંગામોમાં પણ અશો લોકોનાં રવાનો (આ દુન્યામાં) આવવાને શક્તીવાન છે, અને તે સાથે વળી આ (દુન્યા)માં હસ્તી ધરાવતી ચીજો[5] ઉપર તેઓ[6] (હમેશાં) નેગાહ રાખે છે; તેથી જેમ (દીનથી) જાહેર છે તેમ, આપણ (જીવતાં આદમીઓ) કે જેઓ (હાલમાં) શરીરની સાથે ભેલાયલાં છીયે, અને શરીરવાલાં દેવોની (ખસલતનાં આદમીઓ) સાથે કેટલીક ભાગબી[7] લયે છીયે, તે છતાં (આપણાં મરણ પછી) આપણું ભવિષ્યમાં (રવાનની હાલતમાં) મીનોઇ જેહાનમાંથી અત્રે આવવું અને જવું[8] અજાયબ જેવું લાગવું

૨ નહીં જોઇએ. (૨) અને જે (માણસ) પોતાનું તન અને રવાન ભલા મીનોઓને અર્પણ કરેછે તેને અશો લોકોનાં રવાનો પણ ચહડીઆતી પંક્તિનો ગણે છે; તેથી આપણ (જીવતાં આદમીઓ) કે જેઓ અસંખ્ય સવાલો કરનારા છીયે [અને જેનો એક દાખલો આ જવાબ પોતે છે] તેઓને માટે આ બનાવ ઉત્તમ છે કે ફ્રવર્દેગાનનો અયામ વર્ષની આખરીએ, એટલેકે વર્ષનો

૩ અનાજ એકઠો કરવાને વખતે[9] જરૂર આવે. (૩) અને તે વખતમાં નેકીનાં કામો કરનારા દીનદારો ભલા મીનોઓની આરાધના કરશે, અને સઘળી ભલી પેદાયશો જેમાં માણસ સર્વથી અગત્યની હસ્તી ધરાવનાર છે તે પેદા-

૪ યશોની તારીફ કરશે. (૪) જે કારણસર એજ હંગામમાં અશો લોકોનાં રવાનો અને સાથે બીજા ભલા મીનોઇ રૂહો અરસપરસની ભેટોનો[10] સ્વીકાર કરવાને આપણી નજદીક આવેછે.

---

૧ 'ફ્રારૂન વર્જીતારીહ.' ૨ 'અવીસ્પારીત.' ૩ 'અવારૂનીગ.' ૪ અથવા, 'અનુભવીઓ.' ૫ 'આ (દુન્યા) માં જે છે તે.' ૬ 'મૂનિચ' ને બદલે 'અમતિચ' વપડાએલો છે. ૭ 'બહર.'

૮ 'બૂર્તારીહ.' ૯ 'ચીગૂન હનબૂર્ત ઇ સ્નત.' બીજો અથ: ('દુકાળના વખતમાં અનાજ) એકઠો કરી રાખવાનો વખત.' ૧૦. 'હમપત્વહર', 'હમપત્બહર'ને માટે વપડાયલો છે.

૩૦ મો. (૧) અને જે હાથ લોહીથી, મનીથી, અથવા હીખ્રના[1] (જેવી) શરીરને લગતી કોઇ નિર્જીવ ચીજથી આલુદેહ થયલો હોય, તેને (પ્રવાહી સાથે) ઘણો સંબંધ ધરાવતાં[2] (પવિત્ર) પાણીનાં (તત્વ)થી પહેલવહેલાં ધોવો નહીં જોઇએ; અને વરસ્યાનાં સ્વચ્છ નીરંગ[3] સીવાય (બીજી કોઇ પણ ચીજ) વડે વળી ધોવો નહિં જોઇએ. (૨) અને નીરંગથી ધોવા પછીજ તે કે જે સર્વથી સરસ અને ઘણીજ સાફ કરનાર (પવિત્ર) ચીજ પાણી તેથી તેવા હાથને ધોવો જોઇએ. (૩) (એનું) એક કારણ સ્વચ્છ પાણીને નસાની[4] રીમનીથી બહુ દુર રાખવાનું છે; વળી તે પાણી સઘળી ચીજોનાં ગર્ઑહર[5] આતશથી પણ (દુર હોવું જોઇએ.) (૪) અને આપણાં માબાપોના ઘણાક રેવાજો (આપણા સંબંધી) ફરજોની બાબત ઉપર લખાયલાં પુસ્તકમાં નોંધવામાં આવ્યાછે જે સ્વચ્છ અને ભેલ વગરની હાલતની[6] મારફતે તેઓની જાત અને કુટુંબને તંદરોસ્તી ભરેલી હાલતમાં જાલવી રાખવાને[7] મદદ કરેછે.

૩૦ મો—૧ ૨ ૩ ૪

૩૧ મો. (૧) અને મુવેલાં શરીર ઉપર એક ક્રીયા તરીકે સગની નજર ફરાવવાની મતલબના સંબંધમાં એક સબબ આ છે કે જે બુરી જેરી અસરો (દેવો) શરીરને ઉપયોગ વગરનું અને અશકત બનાવેછે અને જે જાતે નસા છે, તે (અસરો) તે મુવેલાં શરીરમાં જગો ધરાવતી હોય છે,[8] અને તેથી જ્યાં સુધી શરીર નસાની સ્થીતીમાંથી બદલાઇને (ગીધોથી ખવાઇ જઇને) તેનું[9] બીજીવાર ઉપયોગમાં આવવું થાય ત્યાં સુધી દુન્યાનો (એટલે કે, જીવતાં માણસોનો) લાભ[10] (તે નસામંદ તનથી સાચવવાની) જરૂર છે.

૩૧ મો—૧

---

૧. સરખાવો અવસ્તા 'હિખ્ર.' ૨. વાંચો 'મયા ઇ નાફ્કતૂમ'; સરખાવો અવસ્તા 'નાફ્.' ૩. 'ગોશ્ન—ઇ ગૂમીઝ ઇ દકયા.' ૪. અથવા, કાંઇપણ કોહાત ઉત્પન કરનારી ચીજ. ૫. 'કાદા ગર્ઑહર'; એનો અર્થ: 'મુખ્ય અથવા અસલ અંશ,' પણ થાય. ૬. 'પવનિચ યઑષદાસ્રીહ—ઇચ'; અથવા, 'પવન ઉઝ—યઑષદાસ્રીહ—ઇચ' 'આપણી બહુ સ્વચ્છ (અથવા ભેલવગરની) હાલતની મારફતે.' ૭. 'દ્રવીસ્ત નત્રૂનિશ્નીહ.'

૮. એટલેકે, 'અંદર રહ્યાં હોય.' ૯. એટલેકે, શારીરનું.

૧૦. એટલેકે, 'બચાવ,' 'સંભાળ.'

૨ (૨) અને તેજ કારણુસર ખોદાએ પેદા કીધેલું પવીત્રાઇ આપનારૂં તત્વ[1] જે આતશ તેને તેમજ સ્વચ્છ મીટીને મુવેલાં શરીરનાં સમાગમથી[2] દુર રાખવાં

૩ જોઇએ છે. (૩) અને માબાપનાં નવાં જનમેલાં બચ્ચાંની અંદર તેવી જેરી અસર ફેલાવો નહિં પામે તેને અર્થે, અને આદમીઓની તથા પ્રાણીઓની આબાદી[3] અને મોટા લાભને અર્થે, બહુ અગત્યનું છે[4] કે તે (મુવેલું શરીર) સગ અને પક્ષીઓનાં શરીરમાં ગલપ અને આમેજ થવા માટેની તેની લાયક જગોએ

૪ પહોંચે.[5] (૪) અને તેજ મુજબ, અને તેજ કારણુસર તેને (એટલે, લાશને) તે જાણુવરોના ખોરાકનાં સાધન [6] તરીકે ગણુવામાં આવે છે, અને તે (તેને ખાઇ જવાનાં કામને) તેઓનું ખાસ કામ ગણુવામાં આવે છે; વળી સફાઇ અને પવિત્રાઇ જાળવવા માટે [7] તેઓને[8] સ્વાધીન તે (લાશ)ને કરવામાં આવે છે, અને

૫ તે ક્રિયાથી સગાંઓની ફરજ બજાવવામાં આવેલી ગણુાય છે. (૫) સગ અથવા પક્ષી લાશ ઉપર જેવી પોતાની નજર નાખેછે કે જે ખરાબ[9] (જેરી) અસરો તે (લાશ)માં સમાયલી હોય છે તે તેની અંદર (વધારે) વાસો કરી શકતી નથી; પણુ (તે જેરી અસરો) કમ થઇ પડી ભાગે[10] છે. (૬)અને તેઓના તે (તન) માંહેલા[11] વસવાસથી ગંઢીલી ચીજો (તદ્દન)[12] વધારે ગંઢીલી થાય છે, અને તેજ પ્રમાણુમાં નસો પાતલો થઇ જાયછે; અને (મુવેલુ) શરીર પણુ બેદોલ[13] બનેછે; અને તે દેખાવ[14] (અથવા હાલત)માં તેનો સુધારો થાય એમ બનવા જોગ નથી.

---

૧. 'વગ–દાત્ એના,' એ 'બધ–દાત્ એના'ને બદલે વપડાયલો છે; અર્થ 'ખોદાએ પેદા કીધેલો પવીત્રાઇ આપનાર.' ૨. 'નસાઇ પીશગાસ.' ૩. 'વેશ ફ્રાખ્તીહ,' 'બહોળો સુધારો,' 'સરફરાઝી' 'સંપુર્ણુતા;' સરખાવો ફારસી 'ફરાખ' અને 'ફરાખ્તન.' ૪. 'અવીરતર શાયત.' ૫. 'આઇનીન–ગાસ મતન.' ૬. 'પિશ્ન' અથવા 'પીશ્નૂ.' ૭. 'દકયાગરીહ,' 'પવિત્રાઇ' અથવા 'તંદરોસ્તી' લાવવા માટે. ૮. એટલે, ગીધોને. ૯. અથવા 'તન કોહી જવાને લીધે થતી જેરી અસરો,' જે 'દ્રૂજ'ને નામે ઓલખાયછે. ૧૦. 'નિશીપિશ્ન.' ૧૧. એટલે, 'લાશની અંદરનાં' ૧૨. 'બહરક'; સરખાવે, ફારસી 'બહરક,' 'કચરો.' ૧૩. વાંચો 'વન્જ'; સરખાવો એવોજ ફારસી શબ્દ. ૧૪. 'ચીહરી(હ)' 'દેખાવ.' DM પ્રમાણે નીચે મુજબ વાંચતાં: 'વ તનિચ વ ચોલા વીરાયઇશ્ન પવન ઝક ચીહરી લા', 'અને શરીરનું અને ગલાંનું સુધરવું પણુ એવી હાલતમાં બનવા જોગ નથી.'

૩૨ મો. (૧) (ખોદાની) સંપુર્ણ રીતે બંદગી રોજ બરોજ કરવા સાથે ૩૨ મો—૧ આ રીતે ધર્મી સુધારો થવાનો સવાબ[1] જોડાયલો છે; અને તે ઉપરાંત તેનાં ફળ તરીકે ખોદાની પરસ્તેશ કરનારાઓમાં પોતા તરફની ફરજ બજાવનારાં રવાનની ભલાઇ[2], ફાયદો કરનારૂં ભલું ડહાપણ, પ્રમાણીક શિક્ષણ, દોલતની પુશ્કલ વૃદ્ધી[3], અને બીજાં ઉત્તમ સુખસાંધનો[4] મજબુત વાસો[5] કરેછે. (૨) અને જે કાંઇ બુખ્ત-મસરેહે આ દુનીયાની ૨ હસ્તીઓની આબાદી વીષે વર્ણવ્યુંછે [6] તેના સંબંધમાં અમો વળી એમ કહીએ છીયે કે જો જીત મેલવનારાંઓ, ફતેહમંદ થયલા સરદારોનું તાજ અને બીજો સંગાર મેલવવાને ખંતથી આતુર હોય [7] અને તે ફતેહની નીશાણો)ને માથાં અને ગરદન ઉપર પહેરવા તેઓ માંગતાં હોય, તો પાદશાહોની સનમુખ પાછા ફરવાનું (ફકત શાબાશીનું માન) મેલવવાને માટે તેઓએ લડવું નહીં; પણ લડાઇનાં મેદાનમાં દીનના કાયદાનું રક્ષણ કરવાને માટે તેઓએ બનતી કોશેશ કરવી. (૩) ભલાઇની જાહેરાતનો તેજ એક (દીનનો) ૩ કાયદો ત્યારે આ દુન્યામાં સર્વેથી સરસ દરજજેનો છે, જો તેમ નહીં હોય[8] તો બેહેસ્તને માટે લાયક થવા જેવું કાંઇ નથી. (૪) છેલ્લા જમાનામાં, ૪ [નિતીની કોતાઇને લીધે નીપજતાં રવાનના પુશ્કલ નિરાશીનાં દુઃખથી પેદા થતી ખામી અને નબલાઇને લીધે,] કોઇ વચ્ચે નહીં પડતું તે માટેની ફર્યાદ ખોદાની પરસ્તેશ કરનારાઓમાં રહેશે નહિ, અને તે (ભલા મીનો)ઓ તેવી (પરસ્તેશ કરનારાઓને) નિત્ય સંતોષીપણાને લીધે,[9] તેમજ ધાસ્તી. બીહક, તકદીર, અને (આ દુન્યામાં) શાંતી વગરનું જે મરણ કે કેટલાકોની સરજત છે તેવા સઘળા બનાવો વગરની ઉમેદને લીધે આબાદી[10] બક્ષશે. (૫) બુલંદ અને પ્રતાપી કામો વીષે દર્યાફ્ત કરવાનું (શિક્ષણ આપવું,) વખતો ૫ વખત વલી જે લુંટો દેવની પરસ્તેશ કરનારાઓ ભેગી કરે છે તેને ઝેર તરીકે

---

૧ 'સઝાકીહ.' ૨ 'નિરમ.' ૩ 'વેશ ફ્રાખ્તિશ્નીગ.' ૪ અસલ અર્થ, 'ભલાઇઓ.' ૫ 'વેશ માહમાનીહ.' ૬ અથવા, 'આબાદીનાં સાધન તરીકે ગણ્યું છે.' ૭ 'નીયાઝક યઑાન-ઇ'; સરખાવો અવસ્તા 'યઑાન' 'ખંત' (વંદીદાદ, ફર્ગર્દ ૪, ૪૫); અથવા 'નીયાઝકોઇન-દ', એટલે, 'તેઓ માંગતા હોય, અથવા આતુર હોય.' ૮ 'હત ઝક લા આંન્ગૂન.' ૯ અથવા, 'જોઇએ એટલું મલવાને લીધે.' ૧૦ 'પિશ્નીહ'; સરખાવો અવસ્તા 'પીથ્વ,' 'રેલજેલ.'

ગણવું, રાસ્તીથી જેહમત કરવામાં સંતોષ મેળવવો, અને પોતાના ધંધા માટે મેહેનત કરવી, (એ સઘળી બાબતો) દીનનાં ભલાં શિક્ષણ[1] ની અને ધર્મ ચુસ્ત લોકોનાં સારાં યકીન અને પુછપરછની લાયકાત પુરવાર કરવાને મોતેબર સબબો છે કે જે ચુસ્ત લોકો (દીનની) શીલસુરીની મીનોઇ સતાનાં સંબંધમાં દીનનાં શિક્ષણ અને યકીન અને તેની આસપાસ પડતા પ્રકાશ વીષે માહીતગાર

૬ થવાને બહુ આતુર હોય છે. (૬) જેઓએ તે (દીન) વિષે બારીક તપાસ કરી છે અને તેની સમજ મેલવી છે, અને તે ઉપરથી તે (દીન)ને રવાનની બોખ્તગી મેલવવાનાં સાધન તરીકે ગણી છે, તેઓમાં તે બુખ્ત–મસરેહ કાંઇ કમ વાકેફીનો માણસ નથી.[2]

૩૩ મો–૧ **૩૩ મો.** (૧)અને વળી જેઓ (કુદરતી આંખે) આંધલાં છે તેઓ ધર્મન જ્ઞાનની (મદદથી) બુરાંઓની ખાહીમાં પડી જતા નથી; વળી એક પ્રમાણીક અને (દીનમાં) યકીનદાર આદમી ખેતીવાડીના હથ્યાર[3] મીસાલે છે, અને તે (બુરા

૨ ઓની) ખાહીમાંથી ઇન્સાનોને બચાવનાર જેવો છે. (૨) (ઉપર જણાવેલાં)

૩ લોકોની વચમાં ઠગારાં અને લોભી લોકો દુશ્મન જેવાં છે. (૩) જેનામાં કુદરતી ડહાપણનું જોર જ્ઞાન સાથે ખચ્ચીત[4] જોડાયલું છે, અને જે માણસ વળી પેદાયશનાં યકીનની રાહ મુજબ, ખચ્ચીત મોજેજાનાં રસ્તાપર,[5] ચાલનાર છે તેજ આદમી અશો ચુંટણી કરનારાઓની દોલતની શોધ નહીં કરનારાઓ[6] સામે તે (જોર) ને ટકાવી શકશે, અને તે રીતે (પ્રાણીઓની સામે) જે હમેશનું નુકસાન છે તે ઉરાડી નાખશે,[7] અને આ રીતે તે માણસ માઝદયસની દીનનાં અલંકાર ડહાપણથી જાણીતો થશે અને તેના રાહબર તરીકે ગણાશે.

---

૧ 'હુદાનાગીહ.' ૨ બોલેબોલનો અર્થ, 'કાંઇ ઓછો તેવો નથી.'

૩ સરખાવો ફારસી બોલ 'દસ્તઆહન્ગ.'

૪ ફારસી 'હમાન'ને અર્થે આ શબ્દ વપડાયલો છે.

૫ DM મુજબ 'અવદ–રાસ'; K મુજબ 'અવી–રાસ' 'ન પહોંચી શકાય એવો.'

૬ 'કમ વિજૂસ્તારાન ઇ હુચીતારાન અશુનાન.' ૭. 'વાયીનેન્દ.'

મુંબઇ, "સાંજ વર્તમાન" પ્રેસમાં છાપ્યું છે.

દીનકર્દ, પુસ્તક છઠ્ઠું.



એકજ ખોદાવંદ મઝદને માનનારા, અને તેની દીનના અસલ ખાલેસ મતો મુજબ ચાલતા, દીનદારોને લગતા કાયદાઓથી કાયમ થયેલી ખોદાઇ દીનના મજબુત એતેકાદ[1] ને લીધે, પેદા કરનાર અહુરમઝદની ખુશ્નુદી[2] હોજો !



(દીનકર્દનું) છઠું પુસ્તક એ માઝદયસ્નની દીનદારોનાં યકીનને માટેનાં પાક દાદારે જાહેર કીધેલી દીનના ફરમાણો તરીકે,[3] અસલ મત ધરાવનારા દીનદારો જે ધર્મ મત મુજબ પોતે વર્તતા હતા, અને જે મત ને પુષ્ટિ આપતા હતા,[4] તે વિષે (છે).

---

૧ લું. (૧) કદીમ જમાનાના માઝદયસ્નાનોમાં જેઓ અસ્લાફ દાનેશમંદો હતા તેઓ એવું માનતા હતા કે: ઇન્સાનોની હૈયાતીમાં પેદા થતા વિચારમાં એક ભલી શક્તિ (યઝત) જેમ જગા ધરાવે છે, તેમ વળી એક બુરી શક્તિ ૧ લું–૧

---

૧ 'વાવરીગાનીહ;' એ બોલ અવસ્તા 'વૅરે'ના બેવડાં રૂપપરથી નીકળ્યોછે; એને ફા૦ 'બાવર' સાથે સરખાવો.

૨ પહલવી બોલો: 'શ્નાયશ્ને દાતાર અઉહરમઝદ,' અવસ્તાના બોલો 'ક્ષ્નઑથ્ર અહુરહે મઝદાઓ'નો તરજુમો છે.

૩ 'નિસંગી;' સરખાવો અ૦ 'નિ' અને 'સંઘહ', નસીહતભરેલા સખુનો. એ બોલને જો 'નસુગી' વાંચીએ તો તે કદાચ 'નસ્કી' (પાક કેતાબ)નું બગડેલું રૂપ હોય. એજ બોલ દીનકર્દના નવમાં દફતરના બીજા ફકરામાં પણ નજર આવે છે. ડા૦ વેસ્ટ એ બોલને 'વસંગ' વાંચી ઇ'તેખાબનો અર્થ કરે છે, જુવો 'દાતિસ્તાન', બાબ ૯૪ મો, નોટ ૩ જી, સફો ૨૬૯.

૪ પહલવી એબારતનો અર્થ એમબી થાય કે, 'જે ફરમાનોને તેઓએ રચીને સાચવી રાખ્યા હતા.' જુવો S.B. E. નું ૧૮ મું વૉલ્યુમ, સફો ૨૬૯ મો, નોટ ૩ જી.

૨ (દુજ) (તે વિચારને પહોંચવાના) રસ્તા ઉપર કાબુ ધરાવે છે.(૨) તેમજ વિચારથી પેદા થતાં વચનમાં જેમ એક ભલી શક્તિ જગા ધરાવેછે, તેમ વળી એક ભુંડી
૩ શક્તિ (તેને પહોંચતા) રસ્તા ઉપર કાબુ ધરાવેછે. (૩)તેમજ વિચારથી પેદા થતાં કામમાં જેમ એક નેક શક્તિ જગા ધરાવેછે, તેમ વળી એક બદ શક્તિ
૪ તેને (પહોંચવાના) માર્ગ ઉપર કાબુ ધરાવેછે. (૪) એ મુજબ જીંદગીને સબબે પેદા થતી લાગણીમાં ભલું મન (વોહુમન્) જેમ જગા ધરાવેછે, તેમ વળી ભુડું મન (અકોમન્) (તેને પહોંચવાના) માર્ગ ઉપર કાબુ ધરાવેછે.
૫ (૫) અને દીલની લાગણીથી પેદા થતી ખાહેશમાં સદગુણી તાબેદારી (સ્રોષ) જેમ જગા ધરાવેછે, તેમ વળી ગઝબ યા ક્રોધ (અએષ્મ) (તેને પહોંચવાના)
૬ માર્ગ ઉપર કાબુ ધરાવેછે. (૬) અને તેવી ખાહેશથી પેદા થતા વિચારમાં ઉમ્દા ફીદાગીરી (સ્પેન્દોમત્) જેમ જગા ધરાવેછે, તેમ વળી તિરસ્કારી દુર્ગુણ
૭ (દુજે તરોકમત્) (તેને પહોંચતા) માર્ગ ઉપર કાબુ ધરાવેછે. (૭) અને વિચારથી પેદા થતા સખુનની અંદર જેમ ડહાપણુ (ખ્રત્) જગા ધરાવેછે,
૮ તેમ વળી શેહવત (વરૂન) (તેને પહોંચતા) માર્ગ ઉપર કાબુ ધરાવેછે. (૮) અને સખુનથી પેદા થતાં કામમાં દયાનતદારી (દએન) જેમ જગા ધરાવેછે, તેમ વળી એંટાળપણું (ખુત્દુશકી) યા ખુદગર્ઝી (તેને પહોંચતા) માર્ગ ઉપર કાબુ
૯ ધરાવે છે.[1] (૯) વાસ્તે એ બદીઓ આએ એટલા માર્ગો અને રસ્તાઓમાં
૧૦ ઇન્સાનો સામે લડેછે. (૧૦) તેથી કરી જે કોઇ આએ એટલા માર્ગો અને રસ્તાઓમાં (બદીના બંદથી) છુટકારો મેળવેછે તેણે તમામ જગાઓમાં
૧૧ એ છુટકારો મેળવેલો (સમજવો). (૧૧) પણ જે કોઇ (એ બદીઓના) ફ્રેબમાં ફસેછે તે તે બદીના હાથમાં જઇ પડેછે, અને તે પછી પોતા ઉપર કાબુ ધરાવી શકતો નથી; અને જે મુજબ તેનો ભુંડો ગુણ (દુજ) તેને ફરમાવેછે
૧૨ તે મુજબજ તે વર્તેછે. (૧૨)આપણુ ઇન્સાનોએ હુસ્યાર રહેવું જોઇએ કે યઝદાંની (યાને ખોદાની) રાહ ઉપર આપણે સાબેત રહયે, અને બદ શક્તિઓ મુજબ નહિ ચાહયે.

૨ જુ,– ૧ **૨ જું.** (૧) તેઓ વળી એવું વિચારતા હતા કે: ખવાસ તે ભલો છે કે જેથી કરી એક જણુ જે કાંઇ પોતા વાસ્તે નેક નહિ હોય[2] તે કોઇ
૨ બીજા વાસ્તે પણુ કરે નહિ. (૨) અને સારૂં ડહાપણુ તેજ એક છે કે

---

૧ જુવો દસ્તુરજી પેશોતનજીના 'ગંજે શાયગાન'નો ફ૦ ૧૩૯ મો.
૨ જુવો દસ્તુરજી પેશોતનજીવાળી 'અંદર્ઝે આત્રોપાત'નો ફ૦ ૮ મો.

જેથી (માણુસ) પોતાને જે ફાએદો થયો હોય તેનું ફળ પીછાને અને તે ફળ કેમ રાખવું તે જાણે; તેમજ જે આફત કે નુકસાન થયાં નહિ હોય તે પોતે ખરીદે[1] નહિ. (૩) અને સમજ શક્તિ તેજ સારી છે કે જેથી એક માણુસ જે કાંઇ નહિ જાણુતો હોય તે વિષે બરાબર સમજે કે, "હું એ ચીજ નથી જાણુતો." ૩

૩ જું. (૧) તેઓ એમ પણુ માનતા હતા કે: દરેક જણુને તારો દોસ્ત ગણુ; એજ તારે વાસ્તે ખરૂં ડહાપણુ છે. (૨) તેઓને તારા એશીઓ ગણુ; એજ તારે વાસ્તે ખરૂં અંતઃકરણુ છે. (૩) તેઓ સાથે નેકી કર; એજ તારે વાસ્તે ખરૂં રવાન છે.[2] ૩ જું–૧ ૨ ૩

૪ થું. (૧) તેઓ એવું પણુ માનતા હતા કે: (ખરો) ખવાસ (હએમ્) તે છે કે જે બીજાને[3] ફરેબ દેતો નથી. (૨) અને ડહાપણુ (ખ્રત્) તે છે કે જે પોતાને ફરેબ દેતું નથી. (૩) અને ખુદાતર્સી ખવાસ (દએન) તે છે કે જે કાંઇ કામ તે સવાબ તરીકે જાણે તે અમલમાં લાવે. ૪ થું–૧ ૨ ૩

૫ મું. (૧) તેઓ એમ પણુ માનતા હતા કે: જે એક ચીજને સવાબ તરીકે નહિં પીછાને અને તે છતાં તે અમલમાં લાવે તે મગરૂરી (તર્ મીનિશ્ની) કહેવાય. (૨) મગરૂરી (તર્ મીનિશ્ની) ખરા કુદરતી ખવાસ (હએમ્)ની સામે થનાર છે. (૩) જે એક ચીજને ગુનાહ તરીકે પીછાને અને તે છતાં તે કરે તે અનીતિ (વરૂનીગી.) (૪) અનીતિ (વરૂનીગી) ડહાપણુ (ખ્રત્) ની સામે થનાર છે. (૫) જે એક ચીજ સવાબ છે યા ગુનાહ છે તે પીછાને નહિ, અને તે વિષે નક્કી વાકેફ થાય, તે અગાઉ તે કરે, તે એંટાલપણું (ખુતદુશગી) છે. (૬) એંટાલપણું (ખુતદુશગી) ઇમાનદારી (દએન) ની સામે થનાર છે. ૫ મું–૧ ૨ ૩ ૪–૫ ૬

---

૧ 'વહાક લા દેહ્યુનેત (યેદ્દુનેત);' સરખાવો ફારસી 'બહા ખુરદન' કીમત ભરવા લઇ જવી; અથવા, 'તેને કોઇ દુખ કે અડચણુ પહોંચી નહી હોય તે વાસ્તે રંજીદા થતો નથી,' કેમકે 'વહાક'ને બદલે 'વાક' 'વાય' (એટલે દુખ) વાંચી શકાય. જુવો 'ગંજે શાયગાન', ફ. ૧૮ મો.

૨ એની મતલબ એ છે કે આપણી હરએક રૂહાની હાલતને તેની રાસ્ત અને કુદરતી હાલતમાં રાખીયે તો તે તદન ભલી હોયછે; વાસ્તે હરએક ઇનસાનને લાજમ છે કે એવી હાલતને તેને લગતી ઉત્તમ તાલીમથી પાક રાખવી. આ ફકરો ખચ્ચીતજ ઘણુા ઉંડાં ડહાપણુથી ભરેલો છે.

૩ અસલ અર્થ 'શખ્સને'.

૬ ઠું-૧ **૬ ઠું.** (૧) તેઓ એવું પણ માનતા હતા કે: ખરો ખવાસ (હુએમ) ડહાપણ (ના અર્થ) માં સમાયલો નથી; પણ ડહાપણ (ખ્રત) ખરા ખવાસમાં સમાયલું છે. ૨ (૨) અને ઇમાનદારી (દએન) ડહાપણ અને ખરા ખવાસ બન્નેમાં સમાયલું છે. ૩ (૩) મીનોઇ ચીજો ખરા ખવાસ મુજબ રચાયલી જણાયલી છે; **તન**નું ડહાપણથી રક્ષણ થાયછે, જ્યારે એ બન્નેનાં જોડાણથી **રવાન** મુક્તિ મેળવેછે.

૭ મું. **૭ મું.** તેઓ આ એમ પણ માનતા હતા કે: શરમ તે છે કે જેથી ગુનાહ કરવાનું છોડતાં નથી; અને ઇજત[1] તે છે કે જેથી (લોકો) સવાબ કરવાનું છોડતાં નથી.

૮ મું. **૮ મું.** તેઓ એવું પણ માનતા હતા કે: અસલ મત ધરાવનારા (પૉર્યોતકેશીઓની) દીનમાં બેગુનાહપણું એ મુખ્ય નીયમ છે.

૯ મું. **૯ મું.** તેઓ એવું પણ માનતા હતા કે: ફરજ બજાવનાર તે થઇ શકે કે જે સારાં અને નરસાં વિશે સમજદાર હોય.

૧૦ મું. **૧૦ મું.** તેઓ એમ પણ માનતા હતા કે: દીનની જુસ્તેજુઇ (યા દરકાર[2]) ત્યારે જણાય કે જ્યારે એક ઇન્સાન જે કાંઇ દીનદારીનું જ્ઞાન[3] યાદદાસ્તમાં ધરાવતો હોય તે મુજબ તેને પોતાનાં કામોથી તે અમલમાં લાવે.

૧૧ મું. **૧૧ મું.** તેઓ એવું પણ માનતા હતા કે: અહુરમઝદ ખોદાએ આએ દુન્યાને નેક ખવાસ મુજબ પેદા કીધીછે; તેને તે ડહાપણથી જાળવેછે, અને ખરી સમજદારીથી તેને પોતા તરફ પાછી લાવેછે.

૧૨ મું-૧ **૧૨ મું.** (૧) તેઓ એમ પણ માનતા હતા કે: નુકસાનકારક મીનો (અહરમન) એ દરેક ચીજ અહુરમઝદને નુકસાન (પહોંચાડવાના ખ્યાલ)થી પેદા કીધી; (પણ) જ્યારે તેણે તે બનાવી, ત્યારે તે (ચીજો) તેને પોતાનેજ નુકસાનકારક અને અહુરમઝદને ફાયદાભરી (જણાઇ). ૨ (૨) અહુરમઝદે દરેક ચીજ ફકત પોતાના ફાયદા વાસ્તે બનાવી; (પણ) જયારે તે પેદા થઇ

---

૧ 'નંગ'; ફા૦ 'નંગ' ઇજત; એ બોલનો અર્થ ઇજત વગરનો બી થાએછે'

૨ ફા૦ 'શિગાલીશ', દરકાર, સંભાળ.

૩ 'ફીરૂકી'; ફા૦ 'ફીરૂ' કોઇ ભેદી જ્ઞાન.

ત્યારે તે તેને વાસ્તે જેમ ફાયદાભરી નીવડી તેમ બુરા મીનો (અહરમન) વાસ્તે નુકસાનકારક થઇ પડી.[૧]

૧૩મું. (૧) તેઓ એમ પણ માનતા હતા કે: ઇન્સાનને આએ ત્રણ ચીજો (પર ધ્યાન આપવાનું) છે:—ઘણીજ સારી રીતે ફરજદારી સમજીને જેહાન (નાં લોકો) ઉપર નેગાહ રાખવી; જે ગુનેહગાર પોતાના ગુનાહથી કરીને પેદાયશનો વેરી[૨] થતો હોય તેને (કશી) ઇજત[૩] આપવી નહી; અને સવાબના બદલા વાસ્તે ભલા મીનોઓથી ખાહેશ કરવી. (૨) જેહાન તરફ નેગાહ રાખવા વિષે તેઓ એવું કહી ગયા છે કે: હર કોઇએ પોતા વાસ્તેબી નેગાહ રાખવી કે: "મારે શું ઇચ્છવું જોઇએ?" "મારે હમેશાં શું બજાવવું જોઇએ?" ૧૩મું–૧ ૨

૧૪મું. (૧) તેઓ એવું પણ માનતા હતા કે: ત્રણ ચીજ ઘણીજ સખ્ત રીતે અમલમાં લાવવી; એટલે આ વળી એક છે કે ગુનેહગારને તેના ગુનાહને કાજે ઇજત આપવી નહિ. (૨) અને એક આ છે કે એક ખોટા ધર્મવાળો માણુસ સાહેબી અને દોલત જો ધરાવતો હોય તો તેને ખાતર તેની વખાણ કરવી નહિ. (૩) અને એક વળી આ છે કે સવાબનો બદલો ભલી મીનોઇ રૂહોથી મેળવવાની ઉમેદ રાખવી; નહિ કે દુન્યાઇ હસ્તીઓ યા ગેતીનાં આદમીઓથી (તેવી ઉમેદ રાખવી). ૧૪મું–૧ ૨ ૩

---

૧ એમાં એવી મતલબ સમાયલી છે કે અહરમને પોતાની ચીજો પેદા કરતી વખતે બદ દીઆનત રાખી હતી અને અહુરમઝદને નુકસાન કરવાની ધારણા રાખી હતી; પણ તેની ધારણા કરતાં તેની પેદાયશ ઉલટીજ નીવડી, અને પોતાની ચીજો પેદા કરવામાં તેની મતલબ સરી નહી. જ્યારે જો કે અહુરમઝદે તો કોઇનુંબી બુરૂં ઇચ્છયું નહી હતું, અને ફકત પોતાની ખાહેશ મુજબનું ફાયદાભર્યું કામ પાર પાડવાનીજ ધારણા રાખી હતી તે છતાં તેની પેદાયશ આખરે જ્યારે તેને પોતાને ફાએદાભરી થઇ પડી, ત્યારે ખુદ પોતાના ખવાસથી અહરમનને તો તે નુકસાનભરી થઇ પડી. અહુરમઝદ અને અહરમનને એ વીચાર લાગુ પડતો બાજુ રાખીએ તો માણુસની જીંદગીમાં ઘડીઘડીએ નજર આવતો અનુભવ એમાં માલમ પડી આવેછે. જુવો S. B. E. ના ૨૪ મા વૉલ્યુમનો ૩૪ મો સફો; મીનોખેરદના ૮ મા બાબના ૨૨–૨૬ ફકરા.

૨ 'પઇદીયાર' એ 'પઇતીયાર'નું બીગડેલું રૂપ જણાયછે. એ બોલ 'પરખાર' દુશ્મનબી વંચાય; યા 'પીશ્યાર' વંચાય; ફા૦ 'પીશ્યાર,' એક નોકર જે પાપી કામમાં નોકરી બજાવેછે તે.

૩ 'ખુનીનીતન', નામના ભરેલું બનાવવું; ફા૦ 'ખનીદન', નામના મેળવવી.

૧૫ મું.

૧૫ મું. [તેઓ એવું પણ માનતા હતા કે: જે માફ નહિ થઇ શકે[1] તે તરફ કોઇએ અખાડા કરી જવા નહિ, અને એવી રીતે અખાડા કીધેલાંને ટેકાવવું નહિ.]

૧૬ મું–૧

૧૬ મું. (૧) તેઓ એવું વળી માનતા હતા કે: હરકોઇ ઇન્સાને દરેક જગાએ અને દરેક વખતે બહેસ્તની નેક ખુબી અને દોજખની

૨

નુકસાનભરી ખરાબી વિષેની મીનોઈ બાબત યાદ રાખવી. (૨)જે સંજોગો વચ્ચે આસાની, નેકી અને રામશ્ની તેને પહોંચી હોય ત્યારે તેણે એવો દરયાફ્ત કરવો કે જ્યારે અહિંઆંબી આટલું નેક છે ત્યારે તો ખચ્ચીત બહેસ્તમાંબી નેકજ હોવું જોઇએ; અને જે સંજોગો વચ્ચે તંગી, નુકસાન, હલાકી અને દુઃખ દરદ તેને ઘણું પહોંચ્યું હોય ત્યારે તેણે એમજ અંદેશો કરવો કે જ્યારે અહિંઆંબી આટલી બધી હલાકીછે

૩

ત્યારે તો ખચ્ચીત દોજખમાં હલાકીજ હોવી જોઇએ.[2] (૩) તે છતાં અહુરમઝદની જે ઘણા પ્રકારની બક્ષેશો છે તે જે કોઇને મલેલી હોય છે તેને પેલી જીંદગીમાં હલાકી હોતી નથી; જો કે અહિંઆં તો આટલી બધી હલાકી ખમવી પડે છે.[3]

૧૭ મું–૧

૧૭ મું. (૧) તેઓ એવું પણ માનતા હતા કે: ઇન્સાનમાં સૌથી સુખી તે છે કે જેણે પોતાની સમજદારીની દુરૂસ્તીમાં એવી ચીજો

---

૧ કદાચ 'અપુક્ષાયિશ્ન' વંચાય; સરખાવો ફા૦ 'પુખ્શીદન' દલગીર કરવું

૨ ઉપર એજ મુવાફેકના જે બોલો વપરાયાછે તે ધ્યાનમાં રાખ્યે તો 'હવત' બોલને બદલે 'હુમન્ત' હોવો જોઇએ; ફાઇલૉલૉજીને કાયદે જે 'મીન' ને 'આ' તરીકે વાંચવો જોઇએ તેવાં વાંચન સબબે ટેક્ષ્ટનાં લખનારથી 'હવાત' વંચાવાથી તે ભુલમાં 'હવત' લખાયો હોય; વાસ્તે એ બોલને 'હવાત' વાંચી શકાય એમ છે.

૩ આએ વાકય અત્રે એટલા વાસ્તે લખાયલો લાગેછે કે ઉપલાં લખાણ પરથી કોઇ કંઇ ગેરસમજુતીમાં ઉતરી પડે નહી. જ્યારે એમ લખવામાં આવ્યુ છે કે અત્રે હલાકીનો અનુભવ મેળવ્યાથી હવે પછીની જીંદગીમાંબી હલાકી હોય એવું વીચારવું, તેપરથી એવું સમજાવવાની મતલબ રાખી નથી કે જો કોઇ અત્રે હલાકી ખમે તો તેને હવે પછીની જીંદગીમાંબી હલાકી મલવીજ જોઇએ; ખચ્ચીતજ કોઇ ગમે એટલોબી અત્રે હલાક થયો હોય, તોબી જો તે ખોદાના આશીર્વાદ મેળવવા લાયકનો થયો હોય તો પછી મરણ પછીની જીંદગીમાં તે કોઇપણ જાતની હલાકી વગરનો અને બેહસ્તનું સુખ ભોગવનારો થાય.

હાથ ધરી અને બજાવી હોય કે જેથી આકેબતને રોજે જ્યારે આ ગેતીની ચીજો જતી રહે ત્યારે તેને એવી ખાહેશ થાય કે:—"અરે હુ ઇચ્છું છું[1] કે (એ ચીજો) મારાથી હજુરબી વધારે થઇ હતે!" (૨) જ્યારે તે ચીજથી ઘણુંજ પરહેઝ રહેવું કે જેને વાસ્તે આકેબતને રોજે એવી ખાહેશ થાય કે:—"અરે હું ઇચ્છું છું[1] કે (એ ચીજો) મેં હાથ ધરીજ નહિ હતે અને કીધીજ નહિ હતે!" ૨

૧૮ મું. તેઓ એવું પણ માનતા હતા કે: અશોઇને આગળ વધતીજ રાખવી જોઇએ, જ્યારે ગુનાહને આજેઝ અને તરછોડેલો[2] રાખવો જોઇએ. ૧૮ મું.

૧૯ મું. તેઓ એમ પણ માનતા હતા કે: અશોઇમાં મુખ્ય ચીજ તે હોવી જોઇએ કે જે દરેક જણ કરી શકે, અને જે અહુરમઝદ ખોદાબી દરેક જણથી ઇચ્છે, અને જે કોઇ પોતાની ખુશી વગર[3] કરે નહિ. ૧૯ મું.

૨૦ મું. તેઓ એ ચીજ વિશે આ પ્રમાણે કહી ગયા છે કે: જે કોઇ શખ્સ સેપાસ અને સેતાયશ લાયકના ખોદાવંદ (યઝદાંન) નો દોસ્ત હોય છે તે એવા (સેપાસ અને સેતાયશ લાયકના) ખોદાવંદની દોસ્તીથી પોતાનું મન હરગેઝ ફેરવતો[4] નથી. ૨૦ મું.

૨૧ મું. (૧) તેઓ એવું પણ માનતા હતા કે: દીનની ગુમરાહી (અહરમોગીહ) નાં મુખ્ય મુળનો નાશ થવો જોઇએ છે. (૨) જ્યારે તે શરૂઆતમાં જેહાનમાં દાખલ થાએછે ત્યારે સર્વે ઇન્સાનો પોતાના રવાનની અંદર એકીન ધરાવતાં હોએછે, અને (ગુમરાહી) ગાલેબ નહિ હોવાને સબબે તેઓ સુખી હોયછે. (૩) પણ જ્યારે તે ગાલેબીને દરજ્જે પહોંચેછે ત્યારે તેઓનો મોટો ભાગ ગુમરાહીને ૨૧ મું—૧ ૨ ૩

---

૧ ફા૦ 'કાચ', અરે હું ઇચ્છું છું કે.

૨ ફા૦ 'સ્પુઝગાર' બેદરકાર, જુવો 'અંદર્ઝે ખુસ્રો ઇ કવાતાન', બોલો 'બઝક પવન રંજ સ્પૂર્જ'

૩ 'અગરૂકીહા,' ફા૦ 'ગરૂઇદન', અવ૦ 'વર્,' એતેકાદ રાખવો, રાજી હોવું, અથવા 'અદેર-ગીહા,' ઢીલ વગર; યાતો 'અદરૂગીહા,' જુઠી મતલબ વગર, વાંચી શકાય.

૪ 'નકસોનતન' બગાડવું, ઉપરથી અર્થ લેવાય.

૪ મળેલી સાહેબીને સબબે પોતાનું યકીન[1] છોડી જાયછે. (૪)અને વળી આખરે ઇન્સાનો એકીન છોડવાનાં સબબને લીધે આબાદ હોતાં નથી.[2]

૨૨ મું. **૨૨ મું.** તેઓ એવું વળી માનતા હતા કે: સર્વે સાથે ભલાઇ કરવી જોઇએ, અને કોઇ પણ સાથે બદી નહિ કરવી જોઇએ.

૨૩ મું–૧ **૨૩ મું.** (૧) તેઓ એવું પણ માનતા હતા કે: દીનની અંદર નિચે મુજબ પાંચ ચીજો સર્વોત્તમ (જણાવેલી છે):–રાસ્તિ (રાસ્તીહ), સખાવત (રાતીહ), ખુબી (હુનરઅઉમન્દીહ), કાબેલ્યત (તુખ્શાગીહ), અને વાજબી સેફારશ (દાતક ગૂબીહ). ૨ (૨)રાસ્તિ તે સરસ છે કે જેથી અહુરમઝદની પેદાયશમાં જેબી કોઇ તે અમલમાં લાવે અને જેની સાથે તે અમલમાં લાવે, તે જ્યારેબી તેની સાથે અમલમાં લાવે ત્યારે તેને એટલો વધુ ફાયદો હાંસલ થાય. ૩ (૩) સખાવત તે ઉત્તમ છે કે જેથી કોઇને હરકોઇ બક્ષેશ કરે તે જેને બક્ષેશ કીધી હોય તેથી તેને કોઇબી દુન્યવી ચીજોમાં તેનીથી કાંઇ બદલો મળે એવી કશી ઉમેદ ધરાવે નહિ; અને તેનામાં આએ પણ નહિ હોવું જોઇએ કે જેની તરફ તેણે (એવી મહેરબાની) કીધી હોય તેની તરફથી ઉપકાર અને આબાદીની તે પોતાને માટે ઇચ્છા રાખે.[3] ૪ (૪) ખુબી યા નેકી તે ઉત્તમ છે કે જેથી હરકોઇ શખ્સ મીનોઇ બુરી શક્તિ (દ્રુજ) સાથે લડે; અને લોભ, અદેખાઇ, મુર્ખાંઇ, ક્રોધ, અને એહોરમતી[4] ની આ પાંચ બુરી શક્તિઓ જેવી હર કોઇ બુરી શક્તિને પોતા ઉપર ગાલેબ થવા દે નહિ. ૫ (૫) કાબેલ્યત યા ઉદયોગ તે ઉત્તમ છે કે જેથી જે કાંઇ કામ થતું હોય તે એવું કીધું હોય કે હરકોઇ વખતે (તે કરનાર ધણી) પોતે બેગુમાન હોય કે અગર તેજ ઘડીએ જો તે ગુજરી જાય તોબી તેણે કીધેલાથી જુદું કાંઇબી (કોઇને) કરવું પડે નહિ. ૬ (૬) વાજબી સેફારશ તે

---

૧ 'વીરૂયિશ્ન'; ફા૦ 'ગરૂઇદન', એકીન રાખવું; અથવા તો એ બોલ 'વીરૂદીશ્ન', સુધારો, હોય. જુવો અવ૦ 'રૂધ,' વધવું.

૨ વારંવાર આવતું જરથોસ્તી મત અત્રે સમાયલું છે કે શાંતી, દુરૂસ્તી, આબાદાની અને સુખ એ અસલ્યાતથીજ સદગુણ સાથે સંબંધ ધરાવેછે અને જોડાયલાં છે, બલકે તેની અંદરજ સમાયલાં છે.

૩ કદાચ એ બોલ 'નીશીગાન,' ફા૦ 'નીશીક' દેવાદાર, બી વંચાય.

૪ એજ 'નંગ' બોલ આગળ એથી ઉલ્ટી 'હોરમત'ની મતલબે વપડાયલો આપણે જોઇ ગયા છીયે તે ધ્યાન પુગાડવા જોગ છે. ફારસીમાં પણ એવીજ રીતે એ બોલના બે ઉલ્ટા અર્થો થાય છે.

ઉત્તમ છે કે જેથી એક જણુ એવા કોઇ શખ્સ વાસ્તે બોલ સીફારશનાં કહે કે જેને વાસ્તે કોઇ કાંઇ કહેતા નથી, અને જે પોતાની તંગી અને ફરીઆદ[1] કોઇને કહેવાને શક્તિવાન નથી; એવો માણસ પોતાનાં રવાનનો, તેમજ કોઇ દુ:ખી ગરીબનો, અવાજ અને પારકા માણસનાં તથા જેહાનનાં દુખની ફરીયાદ ૭ મહેરબાની વરસાવનારી અમર્ગ હસ્તીઓ (યાને ૭ અમશાસ્પંદો) સનમુખ રજુ કરે છે.

૨૪ મું. તેઓ એવું વળી માનતા હતા કે: ડહાપણુ કામની અંદર, ખવાસ હકુમતમાં, અને દોસ્ત મુશ્કેલીમાં માલમ પડી આવે છે. ૨૪ મું.

૨૫ મું. (૧) તેઓ એવું પણુ માનતા હતા કે: ડહાપણોમાંનું સૌથી ઉત્તમ ડહાપણુ તે છે કે જેથી (તે ધરાવનાર) આએ તનને એવી રીતે જાળવી રાખી શકે કે રવાનને ખાતર તનને જરાબી હલાકી પહોંચે નહિ; અને રવાનને એવી રીતે રાખી શકે કે તનને ખાતર રવાનને જરાબી હલાકી પહોંચે નહિ. (૨) પણુ, એથી ઉલટું, જો કોઇ એમ કરી ન શકે તો તેણે (પોતાનાં) તનને છોડી દેવું અને રવાનને સંભાળવું. ૨૫ મું—૧ ૨

૨૬ મું. (૧) તેઓ એવું પણુ માનતા હતા કે: હકુમતનો દોલત ઉપર બંદ[2] છે, અને દોલતનો તન ઉપર બંદ છે, અને તનનો રવાન ઉપર બંદ છે; અને ઇન્સાનોને જે કાંઇ હલાકી પહોંચે છે તે આએ ચાર ચીજોનાં બાબમાં છે, એટલા વાસ્તે તે ચીજોને દુર કરવા સારૂં ફીકર, દોલત અને હકુમત જતી મુકવી જોઇએ. (૨) પણુ હકુમત વગર જો તમોને નહિ ચાલે તો દોલતબી તેને લીધે જતી મુકવી પડે; અને જો દોલત તથા હકુમત વગર નહિ ચાલે તો તેને વાસ્તે તન જતું મુકવું પડે, પણુ આખર એ પ્રમાણે રવાનને તો કદી છોડી દેવું[3] ઘટે નહિ. ૨૬ મું.—૧ ૨

૨૭ મું. તેઓ એમ પણુ માનતા હતા કે: અશોઇ અને દીનનું રહેઠાણુ તમારામાં હોયતો આબાદી[4] અને સંતોષની પરવરેશ તમારામાં છે એમ સમજવું. ૨૭ મું.

---

૧ 'ગિલક,' ફા૦ 'ગીલ્હે,' ફરીયાદ, આપદા; અથવા 'ગિરક,' ફા૦ 'ગરહ,' મુશ્કેલી, ગુચવણુભરી બાબત.

૨ 'મગૂલી'—બંદ; ફા૦ 'મગલ;' યા 'મેકબલુની,' બક્ષેશ, આમદાની; યા 'મેગ વની,' તીડોથી ભરેલું વન, વિગેરે, વાંચનોબી થઇ શકે.

૩ 'રપૂજીત.' અસલ—છુપાયલું, અંધારામાં હાંકી કહાડેલું.

૪ 'અંબારીહ;' બીજી રીતે વાંચતા 'હુબહરીહ,' સારૂં ભાગ્ય.

૨૮ મું.

૨૮ મું. તેઓ એવું પણ માનતા હતા કે: હરએક જણે પોતાને (ખોદા અને દીન તરફ) સેપાસ અને સેતાયશવાલો[1] દીનદાર બનાવવો, અને યઝદાં ઉપર પોતાને જાનફેશાન કરવો, કે જેથી ત્યાર પછી તે એવો સેપાસદાર[2] યા વફાદાર થઇ પડે કે હરગેઝ કોઇ પણ એવી ચીજ તેને પહોંચે નહિ કે જેના ઉપજવાથી નુકસાન (પેદા થાય).

૨૯ મું.

૨૯ મું. તેઓ આ એમ પણ માનતા હતા કે: જમીનની પેદાયશ[3] ઉપર ગુજરાણ કરનારે મહેમાનદારી ભરેલા[4] થવું જોઇએ, અને (આએ જેહાનમાં) સદગુણોમાં મચેલા રહી ખોદાની સેતાયશ કરવી જોઇએ, તથા ભલી મીનો શકિતઓની મેહરબાનીની[5] ખાહેશ રાખવી જોઇએ.

૩૦ મું.

૩૦ મું. તેઓ એવું પણ માનતા હતા કે: એક દસ્તુર યા ધર્મગુરૂને દીનનો સાહેબ ગણવો જોઇએ અને તેના ફરમાન બજાવતા રહેવું જોઇએ, એવી રીતે કે એક પાદશાહ તેમજ રાજકર્તા તે ધર્મગુરૂ, યાને દસ્તુર (ની મરજી), વીરૂધ[6] એકબી કામ કરે નહિ.

૩૧ મું–૧

૩૧ મું. (૧) તેઓ વળી એમ માનતા હતા કે: અહુરમઝદ ખોદા ઇન્સાનોથી એવી ખાહેશ રાખેછે કે—"મને તમો પીછાનો," કારણ કે તે જાણેછે કે, "જો તેઓ મને પીછાનશો તો હરએક જણ મારી પાછળ

---

૧ 'અઉસ્તોફ્રીત,' અવ૦ 'અવી–સ્તુ' સેતાયશભર્યા થવું; અને 'ફ્રીતી,' વહાલ, વફાદારી.

૨ 'સ્તીશન,' 'સ્તાયિશ્ન'ને બદલે; કદાચ 'સ્તીયાન.' જો K૪૩ વાલી નકલમાં આપેલું 'વસ્તાઆન' વાચન કબુલ રાખ્યે તો એનો અર્થ 'બુઝોર્ગ સાહેબને મોટાઇ ભર્યું માન આપવુ" એવો થાએ, ફા૦ 'વસ્તા' ખોદાને મોટાઇ ભર્યું માન આપવું; એ બોલ 'વિસ્તાખન,' 'ગુસ્તાખ' મગરૂર બી વંચાય.

૩ 'ગલક,' ફા૦ 'ગલ્લહ,' જમીનની પેદાયશ.

૪ 'નવીતવર,' ફા૦ 'નવીદ,' મેહમાનદારી.

૫ ફા૦ 'સેપાસ.'

૬ અથવા, 'જીંદગીના ફાએદા વીરૂધ.'

આવશે. "[૧] (૨) બૂરા મીનો અહરમનની ખાહેશ એવી છે કેઃ– " મને તમો ના પીછાનો," કારણ કે તે એમ જાણેછે કે, " જો તેઓ મને પીછાને તો એક પણ જણ મારી પાછળ આવશે નહિં. "[૨] ૨

૩૨ મું. (૧) તેઓ એવું પણ માનતા હતા કેઃ અહુરમઝદ ખોદા ઇન્સાનોથી એવું ઇચ્છેછે કે;– "જેવી કાંઇ તમો કરો તે જેવી તમારી ખાહેશ હોય તે મુજબ કરવા માગતા હો તો તે તમારે માટેજ કરજો." (૨) જ્યારે બૂરો મીનો અહરમન એવું ઇચ્છેછે કેઃ– "જે કાંઇ તમારી ખાહેશ મુજબ બજાવવા માગો તે તમારે માટે કરવાની કાંઇ જરૂર નથી." ૩૨ મું–૧ ૨

૩૩ મું. (૧) તેઓ એમ પણ માનતા હતા કેઃ હર કોઇ શખ્સ માટે એક ચીજ (એવી) છે કે જે બીજી ચીજો કરતાં વધારે ઇજ્જતભરી અને વધારે વહાલી[૩] છે; અને જ્યારે એક જણ તે ચીજને પોતાના જોડયા મદદગાર[૪] તરીકે ગણતો હોય, અને જ્યારે દરમ્યાન બીજી કાંઇ ચીજ રહેલી નહિ હોય, ત્યારેજ તે માત્ર ખુશાલી ભરેલો હોય છે. (૨) એ ચીજ તે દએન ('દીન') છે. ૩૩ મું–૧ ૨

૩૪ મું. તેઓ વળી એમ માનતા હતા કેઃ દીન તે તે છે કે જે માણસથી અમલમાં મુકી શકાય. ૩૪ મું

---

૧ એટલે કે મારી ખાહેશ મુજબ વર્તશે. જુઓ મીનોખેરદ બાબ ૪૦ મો, ફ૦ ૨૪–૨૭.

૨ એની મતલબ એવી છે કે ખોદાનો અશો ખવાસ એવો ભલો અને ચાહ ઉત્પન કરનારો છે કે ઇન્સાનો જો તેને બરાબર સમજે તો તેઓ તેથી કદીબી ઉલ્ટા જાએ નહીં; જ્યારે નુકસાન કરનાર અહરમનનો ખવાસ એટલો બદ અને અણગમતો છે કે જો ઇન્સાનો તેની બુરી કરણીની સમજ ધરાવે તો કદી તેની પુઠે જાએ નહીં.

૩ 'ગેરામીકતર,' DE. મુજબ; DM. માં 'ગેરાન મુસ્તર' વધારે સખ્ત, મુશ્કેલ; K. માં 'ગેરાન મેહતર' ઘણો વધારે ચઢતે દરજ્જેનો.

૪ DM. અને DE. મુજબ 'હમીયાર' વાંચીને; જે 'હમખાર' બી વંચાય; K. માં 'હમાઇ રાયઇનેત' બોલો છે.

૩૫ મું.

૩૫ મું. તેઓ એવું પણ માનતા હતા કે: જે કોઇ, બીજા કોઇના તેની તરફથી વચ્ચે પડવાથી અને અરજ કર્યાથી તેનું રવાન મુકિત મેળવશે, એવું ઇમાન ધરાવતો હોય તે જે કોઈ કોઇપણ ચીજમાં ઇમાન ધરાવે નહિ તેના કરતાં ઓછો બુરો છે. [૧]

૩૬ મું.

૩૬ મું. તેઓ એવું પણ માનતા હતા કે: દીન તે તે કે જે હરએક પેદાયશને સુખી કરે. [૨]

૩૭ મું.

૩૭ મું. તેઓ વળી એમ માનતા હતા કે: 'તકસીર' તે તે છે કે જેને કાયદા સાથે (સંબંધ છે); અને 'ગુનાહ' તે તે છે કે જેને કાયદા સાથે (સંબંધ છે); અને 'સચ્ચાઇથી ફરવું' અને 'ધર્મને લગતી ખામી'[૩] તે તે છે કે જે સદા રહી જાએ છે.

---

૧ 'ઇનસાન પોતાનાં નસીબનો બનાવનાર છે' એ કહેવતને કોઇ પણ ધર્મ જરથોસ્તી દીનથી વધુ મજબુત રીતે માનતો નથી તેથી કોઇ પોતાના શાગેરદોને ખાતર વચ્ચે પડી શકે અને તેઓને તે તેઓના પાપ છતાં તેઓ તેને માનેછે તેટલાંજ ખાતર તે બેહેસ્ત મેળવી આપી શકે એવું માનવુ એ આપણા અશો મઝહબની મતલબથી તદનજ ઉલ્ટું, અને તેથી કદીબી પસંદ નહી થાએ એવું મત છે. કારણ કે જો એવું મત ખરેખરજ પાળવામાં આવે તો તેથી એક શખ્સની સારી ચાલ વાસ્તેની જવાબદારી સઘળીજ જતી રહે, અને તેને હલકામાં હલકી અને પાપી જીંદગીમાં જઇ પડવા દે. એટલું છતાંબી, અને એ મત ખરૂં છે યા ખોટું તે બાજુએ મુકતાં, એ મત માનનાર જો કે આએ એક બાબદમાં ખોટે રસતે દોરવાએછે, તોબી તે ચાલચલણના કાએદાથી કંઇ તદનજ ખાલી નથી; જ્યારે જે લોકો ખરૂં યા ખોટું કસુંબી યકીન ધરાવતા નથી તેઓ ચાલચલણના કાએદાથી તદનજ ખાલી છે, અને તેટલા વાસતે આગલી તરેહના લોકોથી દેખઇતી રીતે ઉતરતા પ્રકારના છે.

૨ એક મઝહબ સાચો છે તેની સાબેતી તે પોતાના માનનારાઓને કેટલે દરજ્જે શાંતી અને સુખ મેળવી આપે છે તેપરથી લઇ શકાએ છે.

૩ 'માનીદ,' ફા૦ 'માનીદ' ખામી.

૩૮ મું. તેઓ વળી એમ માનતા હતા કે: ગુનાહનાં અંશમાં ૩૮ મું, મુખ્ય ચીજ જે છે તે 'ઝયાદતી' અને 'કસુર' છે; અને નેકીનાં અંશમાં મુખ્ય ચીજ જે છે તે 'સમતોલપણું' છે. [૧]

૩૯ મું. તેઓ વળી એમ માનતા હતા કે: દીન એજ સમ- ૩૯ મું, તોલપણું છે. [૨]

૪૦ મું. (૧) તેઓ એવું પણ માનતા હતા કે: હરએક ચીજ સમ- ૪૦ મું—૧ તોલપણામાં ખામી વગરની હોવી જોઇએ. (૨) અને આએ (જરથોસ્તી) ૨ દીનથી એવું જાહેર છે કે નેકી એ મોહટામાં મોહટું સમતોલપણું છે; અને સમતોલપણું તે ભલો વિચાર (હુમત), ભલો વચન (હુખ્ત), અને ભલીકરણી (હુવર્સ્ત) છે.

૪૧ મું. તેઓ વળી એમ માનતા હતા કે: જે કોઇ અશો ૪૧ મું, છે તે (જરથોસ્તી) ખોદાઇ દીનને લીધેજ અશો છે. [૩]

૪૨ મું. (૧) તેઓ વળી એમ માનતા હતા કે: 'ઝયાદતી' તે ૪૨ મું—૧ તે છે કે જેમાં વિચાર, વચન અને કામ જે (ભલું) નહિ (હોય) તે કોઇ વિચારે, બોલે અને બજાવે. [૪] (૨) 'કસુર' તે તે છે કે જેમાં જે ૨ વિચાર, વચન અને કામ (ભલું હોય) તે કોઇ વિચારે, બોલે યા

---

૧ 'પત્માન,' 'ફ્રેહિબુત,' અને 'અઇબીબુત' એ જાણીતા ગ્રીક ફીલસુફ એરીસટોટલે સમજાવેલું 'સમતોલપણું,' 'ઝયાદતી,' અને 'કસુર'ને મળતું છે. એ બોલોના ખુલાસા વાસતે એરીસટોટલની જાણીતી કેતાબ 'નીકોમેખીયન એથીકસ'ના બીજાં દફતરનો આઠમો બાબ જુવો. વળી એ બોલોનાં પહલવી ભાવાર્થ માટે જુવો દસ્તુર પેશોતનજીવાલી 'ગન્જે શાયગાન,' ફ૦ ૬—૭.

૨ ઘણાજ ઉંડા વીચારથી દીનને નેકીના ખાસ તત્વ સાથે, અને તેથી ખુદ નેકી સાથે, એકજ ગણી છે.

૩ રાસત દીનને વળી અશોઇ સાથે એક ગણી છે.

૪ આવી વર્તણુંકમાં માણસો કામ તો કરે છે, પણ તેઓનો ઉજગ ખોટે રસ્તે દોરવાએલો છે.

૩ બજાવે નહિ.[1] (૩) અને 'સમતોલપણું' તે તે છે કે જેમાં જે ખરો વિચાર, વચન અને કામ હોય તેજ કોઇ વિચારે, બોલે અને બજાવે.[2]

૪૩ મું-૧ **૪૩ મું.** (૧) તેઓ વળી એમ માનતા હતા કે: દીનની અંદર આએ ત્રણ ચીજ ઘણીજ જરૂરની છે. 'ખોદા સાથની ખેશી,' 'દીલસુઝ મોહબત'[3] અને 'સમતોલપણું.' ૨ (૨) 'ખોદા સાથની ખેશી' તે તે છે કે જેથી એક ઇન્સાન (નેક) વિચાર, વચન અને કામમાં, અને હરએક રાસ્તીથી કરીને, ખોદા સાથે તેમજ (સર્વે) ભલાંઓ સાથે ખેશી ધરાવે, અને તેવી મોહબતને હરગેઝ બગાડે નહિ. ૩ (૩) અને 'દિલસોઝ મોહબત' તે તે છે કે જેથી કરી હરએક બદદયાનત અને ગુનાહના બાબમાં બુરા મીનો અહરમન અને (અંદરખાને વસતા) દેવો, તેમજ સર્વે પાપીઓથી એક શખ્સ દુર રહે. ૪ (૪) અને 'સમતોલપણું' તે તે છે કે જેથી એક ઇન્સાન મજકુર 'ખેશી' અને 'દીલસુઝ મોહબત'ને બરાબર જાળવે, અને હરગેઝ તેઓમાં ખરાબી દાખલ થવા દે નહિ.

૪૪ મું-૧ **૪૪ મું.** (૧) તેઓ એમબી માનતા હતા કે: ઇન્સાનને વાસતે પરહેઝી ઘણી એક જાતની છે. ૨ (૨) અને તેમાં સૌથી ચઢતી તે છે કે જેથી એક ઇન્સાન આ દુન્યાના લોકોની કોઇબી બીક વગર ખોદાને પોતે એવો ગણે અથવા એવી રીતે આરાધે કે જે કાંઇ માટે તે શખ્સ ખાહેશ ધરાવતો હોય તે સર્વે તે સાહેબ તેને જાહેર કરે.[4]

---

૧ આવી વર્તણુકમાં માણસો ઉદયોગ કરતા નથી, કારણ કે તેઓમાં નીતીનો ગુણજ નથી.

૨ આવી વર્તણુકમાં માણસો જે સઉથી લાયક ચીજો હોય છે તેમાંજ મશગુળ રહે છે.

૩ 'નીઝક હઇતગીહ'—ઉત્તમ ચાહ, વાંચી શકાએ; ફા૦ 'નીઝ' 'નીઝહ'—ઉત્તમ વ્હાલ, સુગંધ, નેજો; અથવા 'વીઝક હઇતગીહ' પરહેઝગાર જીંદગીબી થઇ શકે.

૪ અથવા એવોબી અર્થ થઇ શકે:—"ઇન્સાન માટેની કાળજી ઘણી એક જાતની છે, અને તેમાં સઉથી સરસ તે છે કે જેથી એક ઇન્સાન દુન્યાનાં લોકોને પોતા તરફ એવાં બીક વગરનાં બનાવે કે જે કાંઇ તેઓ ખાહેશ ધરાવતાં હોય તે સર્વે તેને જાહેર કરે."

૪૫ મું. (૧) તેઓ આએ વળી એમ માનતા હતા કે: આતશને લગતી પરહેઝી (પણ) ઘણી એક જાતની છે. (૨) અને (એવી) બે જાતની પરહેઝીમાં મુખ્ય એક તે તે છે કે ઇન્સાનો આતશને વગર ગુનાહે અને રાસ્તિથી પરહેઝે (યાને જાળવે.) (૩) અને બીજી તે તે છે કે જ્યારે જે કાંઇ તેને વાસ્તે ઇન્સાનો બજા લાવે તે કીમતી (યાને ચઢતે દરજ્જેનું કામ) હોય. ૪૫ મું—૧ ૨ ૩

૪૬ મું. (૧) તેઓ વળી એમ માનતા હતા કે: જેબી કામ સામું આવી પહોંચે તે બજાવવામાંજ પોતાનું સૌથી મોહટું કામ હરેક જણે સમજી લેવું. (૨) પણ જે કોઇ એને પોતાનું મુખ્ય કામ નહિ ગણે તેણેબી મરેહમતનાં સર્વે કામોને તો પોતાનું મુખ્ય કામ[1] સમજવુંજ જોઇએ. ૪૬ મું—૧ ૨

૪૭ મું. તેઓ આએ વળી એમ માનતા હતા કે: જ્યારે અહરમન આએ ચાર ફરેબોમાંનો[2] એક ફેલાવેછે ત્યારે તે પોતા વાસ્તે મોહટાઇની પરસ્તેશ, યા દોલતની પરસ્તેશ, યા હલકી[3] મદદગારી[3], યા દીનનો ઇન્કાર મેળવેછે. ૪૭ મું.

૪૮ મું. (૧) તેઓ વળી એમ માનતા હતા કે: હરએકે પોતાના વડાઓ સાથે માન અકરામથી વર્તવું, અને પોતાથી ઉતરતે દરજ્જેનાઓને દસ્તગીરી યા મદદ કરવી, અને પોતાના જેવી પંક્તી યા દરજ્જાનાઓ યા હમશરીકોનું કલ્યાણ કરવું[4]. (૨) અને આએ ત્રણેમાં આએ એક ચીજ સૌથી ઉત્તમ છે કે જ્યારે એક જણ પોતાના હમશરીકો યા સરખે દરજ્જેનાઓને સુખી કરે છે, કારણ કે જે કોઇ પોતાના સંબંધમાં સરખે દરજ્જેનાઓને ફાયદા આપતો નથી તેના બાબમાં દેખાઇતું છે કે પોતાના ૪૮ મું—૧ ૨

---

૧ એટલે કે જો કોઇ કાંઇ કામની શોધમાં હોય, તો કોઇ મોટાં કામની ઉમેદમાં તેણે ન્હાનાં કામો જતાં મુકવાં નહી જોઇએ, પણ જે કાંઇ પેહલું કામ સામે આવે તેને તેણે પોતાનું ધારેલું સઉથી મોટું કામ ગણી લઇ તે હાથ ધરી લેવું. જો કોઇ આવું મત કબુલે નહી, તો તે એટલું તો કબુલ કરશેજ કે જેબી કામ બ્હાલ અને ચાહ ભરેલું હોય તે સઉથી અગત્યનું અને મીઠું છે.

૨ સરખાવો ફા૦ બોલ 'રન્ગ,' ફરેબ.

૩ ફા૦ 'પુજ,' હલકું. 'પુજ આવાકદતીહ,' નુકસાન પહોંચાડનારી મદદ, જુવો 'પુજ અવાકીહ,' દસ્તુર પેશોતનજીનાં 'ગંજે શાયગાન' નાં ફ૦ ૫૫ માં.

૪ સરખાવો અવસ્તા "સઓક,' ફાયદો, લાભ.

વડાઓ સાથનાં કામકાજમાં તેને ભારી ધાસ્તી પેદા થતી હોવાને લીધે તે (ગુંચવાઇ જઇને) પોતાથી ઉતરતે દરજ્જેનાઓને (અનઘટતું) માન અકરામ આપે છે.

૪૯ મું. **૪૯ મું.** તેઓ એવુંબી માનતા હતા કે: હર કોઇની ચાલ ચલણમાં[1] આએ ચીજ ઉત્તમ છે કે જેથી એક જણ પોતાથી ઉતરતે દરજ્જેનાને પોતાના રરીક તરીકે, અને પોતાના હમશરીકને તે પોતાથી ચઢતે દરજ્જેનો, અને પોતાથી ચઢતે દરજ્જેનાને પોતાનો સાહેબ ગણે છે.

૫૦ મું.—૧ **૫૦ મું.** (૧) તેઓ આએ વળી એમ માનતા હતા કે: તોજેશથી કરીને દોજખ તરફનો રસ્તો રહેતો નથી. (૨) અને તોજેશ વગર બહેસ્ત તરફનો રસ્તો મળતો નથી. (૩) અને તોજેશ તેને છે કે જેથી જે કાંઇ ગુનાહ કોઇએ કીધો હોય તેની પટેટ કરી તે તોબા કરે,[2] અને ફરીથી[3] તે ગુનાહ કરે નહિ.

૫૧ મું.—૧ **૫૧ મું.** (૧) તેઓ આએ વળી એમ માનતા હતા કે: આએ (નિચે વર્ણવેલા) ત્રણ શખ્સો અશોઇના બાબમાં સૌથી ચઢતા છે. (૨) એક જેને સખાવતની આરઝુ હોય છે. (૩) અને એક જેને સાચા બોલનાર તરીકેનો ઉમદા ખવાસ હોયછે. (૪) અને એક જે કોઇ મારેલાને યા દુઃખીને મારતો નથી.

૫૨ મું.—૧ **૫૨ મું.** (૧) તેઓ આએ વળી એમ માનતા હતા કે: હરએક ઇન્સાન જ્યારે ગુજરી જાય ત્યારે તેનાથી દરેક (જીવતાં) આદમીએ પોતાનાં તનને જાળવવું, (એવા વિચારથી) કે હવે હું એ (ગુજરેલાં) નાં તનના નસાને અડકું[4] નહિ અને રીમન થાવું નહિ. (૨) પણ જો તેને તે અડકે તો પોતાનાં તનને તેણે રીમન થયેલું સમજવું; અને જીવતાં ઇન્સાનોએ એવાં બીજાં માણસોની બીમારી અને દરદથી એવી રીતે પરહેજ રહેવું કે જાણે ગુજરેલા માણસના બાબમાં તેની લાશથી (પરહેજ રહેતા હોએ તેમ.)

૫૩ મું.—૧ **૫૩ મું.** (૧) તેઓ આએ વળી એમ માનતા હતા કે: હરએક ઇન્સાને સવાબના હથીઆરો[5] માટે ખાહેશ રાખવી જોઇએ. (૨) જો એક જણ

---

૧ 'દારીશ્ન', ચાલચલણ.

૨ 'અવક્ષ'. ૩ 'તનીદ'. ૪ 'પતકપમ'.

૫ 'જાનક' ફા૦ હથીઆરો; અથવા ' ઝયનક,' જુઓ 'મીનોખેરદ' બાબ ૪૩ મો, ફા૦ ૬—૧૩.

સવાબના હથીઆરોને કમરપર સજે તો ત્યાર પછી સવાબ આગળ વધતો જાય છે અને ગુનાહ નાપેદા[1] થતો જાય છે. (૩) એ સવાબના હથીયારો વિષે દીનના દાના દસ્તુરો એશારો કરી ગયા છે, અને જેઓએ તે હથીઆરોને રાસ્તીની સામગ્રીહ તરીકે ગણેલાં છે.[2] ૩

૫૪ મું. તેઓ વળી એમ માનતા હતા કે: જો કોઇ આ ચાર ચીજોને લીધે કોઇ (દેખૈતાં) સવાબ કામો બજાવે તો તે (ખરાં) સવાબકામ ગણી શકાય નહિ, (જેમ કે) બુરૂં નામ, યા અનીતિનું યા બદકારીનું નામ, અથવા શરમ, અથવા કોઇ બીજા શખ્સનો ડર. ૫૪ મું.

૫૫ મું. (૧) તેઓ આએ વળી એમ માનતા હતા કે: યકીનદારો આગળ વાઝ કરવી જોઇએ, અને હમદીનોમાં દીન સમજાવવી જોઇએ. (૨) અને હરએક આદમીને નીતિ અને અનીતિની સમજણ આપવી ઘટારત છે. ૫૫ મું–૧ ૨

૫૬ મું. તેઓ વળી એમ માનતા હતા કે: તે વાઝ એવા શખ્સે કરવી જોઇએ કે જેનામાં એવી ચંચલાઇ હોય કે તે સુધારો વધારે ફેલાવી શકે; અને તેનામાં એવી સમજ શકિત હોય કે તે (દીનની વાકેફી આપતાં) ગુચવાડામાં પડે[3] નહિ; અને તેનામાં એવું ડહાપણ હોય કે જેથી જે કોઇ જુદો યા ઉલટો હોય તેને ભલો બનાવી શકે. ૫૬ મું.

૫૭ મું. તેઓ એમબી માનતા હતા કે: (ખરી) ચીજ (યાને, માઝદયસ્ની દીન) તે છે કે જેની અંદર જ્યારે કોઇ હોય ત્યારે તે (કસીબી રીતે) એકરાર હોય નહિ; અને જ્યારે તેની અંદર તે નહિ હોય ત્યારે તે એકરારજ હોય. ૫૭ મું.

૫૮ મું. [તેઓ વળી એમ માનતા હતા કે: હરકોઇ જે તે દીનમાં હોય તે એમ અંદર હોવાને લીધે (કોઇબી સબબે) એકરાર હોતો નથી.] ૫૮ મું.

---

૧ 'નસુગી' અવ૦ 'નસ',નાપેદા થવું; ફા૦ 'નીસુ', કાપી નાખવું.

૨ 'હમીહ ઈ ફ્રારૂનીહ વબીદુન્ત', વાંચ્યે તો, તેઓને સદગુણના જોડીદાર કીધા છે, એવો અર્થ થઇ શકે.

૩ 'દુજેત'; અથવા 'દન્જીત' (ફા૦ 'દન્ગ'), ગુચવાડામાં પડેલું.

૫૯ મું-૧

૫૯ મું.(૧) તેઓ આએ વળી એમ માનતા હતા કે: ઇન્સાનોએ હુશ્યાર રહેવું, અને ખાસ કરીને તે દેવ યા બદ શક્તિથી ઘણાજ પરહિઝ રહેવું કે જે પાપી[1] હૈયાતી ધરાવનારાંઓ ઉપર હાકમી[2] કરવા માટે ઉમેદ ધરાવતો[3] હોય છે. (૨) તેવા દેવમાં દરેક દૂર્ગુણની હસ્તી છે; અને તેની બદકારી એવી છે તેનો સબબ એ કે જે સર્વે ગુનાહો એક માણુસ જ્યારેબી કરેછે ત્યારે તે પાપી હૈયાતી ધરાવનારાંઓ ઉપર હકુમત કરવા માટે ઉમેદ રાખીનેજ કરે છે, જેથી (એમ ખ્યાલ કરીને કે) "મારૂં ખરૂં મન હું કહેતો નથી એમ કોઇ જાણશે નહિ. (૩) પણ જો કોઇ જાણે તો તેની આરાસ્તગી માટે હું સંભાળમાં રહેવશ; અને જો હું છટકી જવશ તો ખડો થઇ (બહાદુરીથી) કહેવશ કે, 'અલબત એમજ ઘટતું હતું.'[4]"

૬૦ મું.

૬૦ મું. તેઓ આએ વળી એમ માનતા હતા કે: જો તારી ઝબાન અશો[5] હોય, અને જો તું એક ડુંગરનેબી કહે કે "આગળ ચાલ," તો ત્યારે તેબી આગળ ચાલે.

૬૧ મું.

૬૧ મું. તેઓ આએ વળી એમ માનતા હતા કે: જ્યારેબી તમો (સાચ્ચી) દીન તરફ ત્રણ પગલાં ભરો ત્યારે તે એક હજાર પગલાં તમોને સામી મળવા[6] આવશે.

---

૧ DM. વાળી નકલ પરમાણે એ બોલ 'વિનસ્ત અહૂઇહ' વાંચી, પાપી, રદ જીંદગી, અથવા રદ સાહેબી ધરાવનારા, થાએ; DE. વાલી નકલ મુજબ એ બોલ 'સ્તીગાનીહ' દુન્યાઇપણું થઇ શકે.

૨ 'દસ્તૂબરીહ.' ૩ 'અઇમીતક' અથવા 'અઉમીતક'

૪ એની મતલબ એ છે કે પોતે જે ખુલ્લે ખુલ્લું બૂરૂં તરીકે જાણતો હોય તેને ગુસતાખીથી ખરૂં ઠરાવવા જે તેને રજા આપે તે દેવનાંમ દેવ ગણાવો જોઇએ, અને તેનાથી સર્વેએ ઘણીજ સંભાળમાં રહેવું જોઇએ; કારણ કે આવા બદ ખવાસ જેટલું કંઇબી બીજું બદીને એટલી છુટી દોરી આપી દેતું નથી.

૫ 'યસરૂબ', 'યશરૂબ'નો અર્થ અશો થઇ શકે. અથવા 'અદરૂબ,' અવ૦ 'દ્રવ' જોરેમંદ; એ બોલ 'અગરૂબ' બી એજ અર્થે વંચાએ.

૬ 'વલ પતીરક.'

૬૨ મું. તેઓ આએ વળી એમ માનતા હતા કે: જેબી કોઇ શખ્સથી પોતાને માટે યા પોતાના ન્યાગાનો વાસ્તે ખાસ નામ દઇને એક સવાબનું કામ કરવામાં આવ્યું હોય, તો તેનો[1] આ નીયમ[2] પૉર્યોતકેશ દીનદારોના તરીકા મુજબ હોતો નથી. ૬૨ મું.

૬૩ મું. તેઓ વળી એમ માનતા હતા કે: જે કોઇ પોતાનું ધર્મી (પવિત્ર) મોહું દીન તરફ કરે અને પોતાના ખવાસને (તે મુજબ સારી રીતે) આરાસ્તે કરે તો દીન તેને એક હજાર સાચા વિચારો[3] દેખાડે કે જે તેણે કદીબી કોઇથી સાંભળયા ન હોય; અને જ્યારે દીનના દસ્તુરો અને દાનાઓની મજલસમાં તે વિચારોપર તે દરયાફત કરે ત્યારે તેને તે વિચારો રાસ્તજ માલમ પડે. ૬૩ મું.

૬૪ મું. તેઓ એવુંબી માનતા હતા કે: ચંચળાઇ('વીર') નું ખાસ કામ તો (ખરી) ચીજ શોધી કહાડવાનું છે; અને 'હોશ'નું ખાસ કામ તેને સંઘરવાનું[4] અને તે ચંચળાઇએ શોધેલી ચીજપર નેગાહ રાખવાનું છે; અને ડહાપણ ('ખ્રત્')નું કામ જુદી જુદી ચીજ વચ્ચેનો ફરક શોધવાનું અને ભલું તથા બૂરૂં પીછાણવાનું, અને જે ભલું હોય તેને વલગી રહેવાનું અને બૂરૂં હોય તે તર્ક કરવાનું છે. ૬૪ મું.

૬૫ મું. (૧) તેઓ એમબી માનતા હતા કે: હરએક ચીજ તે શખ્સની થાય છે કે જેને લીધે તે કરવામાં આવી હોય, અને તે (ચીજ)નો બદલો અને નતિજો તેને બક્ષવામાં આવે છે કે જેને લીધે તે (ચીજ) કરવામાં આવી હોય. (૨) અને ઇન્સાનોએ આ રીતે ઘણા ખંતી રહેવું કે: "હમો સવાબ કરીએ કે જેથી અહુરમઝદ ખોદાથી (ભલો) બદલો મલે, સબબકે જે બદલો બૂરાઇનો અહરમનથી મલે છે તે બદલો ખચીત હલાકી સીવાય બીજો હોતો નથી." ૬૫ મું—૧ ૨

---

૧ 'અદીનશશ'નો એક 'અશ્' મજકુર કીધેલાંને, અને બીજો 'અશ્' કરનારને અહિંઆં લાગુ પડે છે.

૨ ફા૦ 'સર્', નીયમ, સેવટ, નતિજો.

૩ 'દ્રેન્જીશ્ન', અવ૦ 'દ્રેન્જ' પઢવું, મનન કરવું.

૪ 'ગંન્જબરીહ', ફા૦ 'ગન્જવર' ખઝાનેદાર.

૬૬ મું.

૬૬ મું. તેઓ એમબી માનતા હતા કે: જે કોઇ આ નિબંધ યા ગ્રંથમાં[1] જેટલાં પ્રકરણો[2] લખવામાં આવ્યાં છે, તેની સમજ મુજબ ચાલવાનું જાણે તે પોતાનું તેમજ બીજાનું ભલું પીછાણે.

૬૭ મું.

૬૭ મું. તેઓ એમબી માનતા હતા કે: હરએક ચીજમાં આએ પાંચ તત્વો હોયછે: સામાન્ય અંશ, પદાર્થ, આત્મબોધ,[3] જીવનશક્તિ,[4] અને ખાસ અંશ.[5]

૬૮ મું–૧
૨–૩
૪–૫
૬
૭
૮
૯

૬૮ મું. (૧) તેઓ વળી એમબી માનતા હતા કે: માણસોમાં અંશ ત્રણ તરેહના હોય છે. (૨) એક તોખમ માટે સારો. (૩) એક તોખમ માટે ખરાબ. (૪) અને એક દુન્યવી. (૫) તોખમ માટે સારો તે છે કે જેને જોકે કશી કેળવણી આપ્યામાં આવતી નથી તોબી તેની તોખમ જાહેર થાયછે. (૬) અને બગડેલાં તોખમવાલો તે છે કે જેને જોકે ઘણી એક કેળવણી આપ્યામાં આવે છે તોબી તેની તોખમ સારી જાહેર થતી નથી. (૭) અને દુન્યવી તે છે કે જે કેળવણી મુજબ ભલો યા બૂરો હોય છે. (૮) પવિત્ર (દીનની) કેળવણીથી તે ભલો અને ખરાબ કેળવણીથી તે બુરે થાય છે. (૯) તોપણ એવાબી દાખલા હોય છે કે જેમાં પવિત્ર કેળવણીને ખરાબ કામ માટે ઉપ્યોગમાં લેવામાં આવેછે, જેમ કે દીન તરફ બેવફા થયેલાઓ દીનના સબકો (નો ગેર ઉપ્યોગ કરે છે.)

૬૯ મું.

૬૯ મું. તેઓ વળી એમ માનતાં હતા કે: નહિ કોઇ અંદેશાને ખાતર, કે નહિ કોઇ ધાસ્તીને ખાતર માણસે બદીમાં ઇલાજ શોધવો.

૭૦ મું–૧

૭૦ મું. (૧) તેઓ વળી એમ માનતા હતા કે: મીનોઇ અંદેશા ગાથાનાં લખાણથી વાકેફગાર લોકો ("ગાસાનીગાન")નાં પાપને

---

૧ 'શમક', 'નામક', ફા૦ 'નામહ' નામું.

૨ પહલવી 'દરક,' ફા૦ 'દર,' બાબ, પ્રકરણ.

૩ 'કીરૂક', કદાચ ફા૦ 'કીરૂ'. ચીજોમાં એ ચીજ એવી હોય છે કે જેના તેમાંથી નીકળી જવાથી તે નાસ પામે છે.

૪ 'આતશ': કુદરતમાં જે કાંઇ શકતી જાહેર થાએ છે તે ગરમીનું રૂપ લેછે, તેવી 'શકતી' તેમજ 'ગરમી' વાસ્તે ઇરાની ભાષાઓમાં એકજ બોલ (આતશ) વાપરવામાં આવ્યો છે.

૫ 'કતામ્યાન' એટલે કે જે એકને બાકીના બીજાથી છુટું પાડે છે તે.

સમજે છે. (૨) અને દુન્યવી અંદેશો "હધમાંથ"નાં અવસ્તાથી વાકેફગાર ૨
લોકો ("હાતફમાંસ્રીગાન્")ની બેઇજતીને સમજે છે. (૩) અને ચીનવત- ૩
પુલની સજાની ધાસ્તી અને ભારી દુ:ખ[1] જે કાયદાઓથી વાકેફગાર લોકો ("દાતીગાન્")નાં ગુનાહને લીધે હોય છે, અને જેઓ ગુનાહથી પોતાને બચાવી શકતા નથી.[2]

૭૧ મું. (૧) તેઓ વળી એમ માનતા હતા કે: જો એક **૭૧ મું–૧**
માણસ ચીજોની ખરી લાયકાતનાં[3] ફરકની જુસ્તેજુઇ કરે અને તેથી માહીતગાર થયો હોય, તો તેણે જેમ જાણીતી[4] સતાવાળા યા ઘણી દોલત-વાળા શખ્સોને ભલા તરીકે સમજી લેવા નહિ જોઇએ, તેમજ તેણે થોડી દોલત અને ન્યાઝમંદીને ભલાઇ તરીકે વખાણવી નહિ જોઇએ. (૨) કારણ કે ૨
જો લાયકાત એક માણસની ભલાઇ અને બુરાઇ મુજબ નહિ, પણ થોડી દોલત યા ઘણી દોલત મુજબ ગણ્યામાં આવે તો ગેતીમાં એવું બને કે ઘણી પુંજીવાળો[5] બુરી ખસલતનો એક ઇન્સાન, પોતે ખરાબ થયેલો, તથા ગુનેહ-ગાર અને ભુંડો હોય તે છતાંબી નામદારી મેળવવાની ખાહેશ ધરાવે, કે જે નામદારીની ખાહેશ આગળ તે (પોતાની) દોલતને ઓછી ગણેછે. (૩) કોઇ ૩
હાજતમંદ[6] હોય છે તે અસંતોષીપણાને લીધે અને બદીથી ગરીબાઇને લુટે છે;[7] અને જે કોઇ જુગારી હોય છે તે પોતે જે કાંઇ ધરાવે તે તારાજ કરે છે; અને જે આળસુ હોય છે તે દોલત મેળવતો નથી (યા તો આવતી દોલતને પકડી લેવાનીબી મેહેનત લેતો નથી); પણ ઘણી એક રીતે બીજાં બુરાં ઇન્સાનોને વખાણે છે, અને નામદારી ભરી[8] દોલત

---

૧ 'પઝદ્', કદાચ અવ૰ 'પઇતિ-જઇતી' પરથી.

૨ આ બાબતનાં સંબંધમાં દસ્તુરજી પેશોતનજીવાલી દીનકર્દના પહેલાં વૉલ્યુમમાં આવેલો નવમો સવાલ જવાબ, અને ડા૰ વેશ્ટની દીનકર્દનાં આઠમાં દફતરના પહેલા બાબના પાંચમાં ફકરામાં આપેલી નોટ ૨ જી વાંચો.

૩ 'માતીગાન્'.

૪ 'અઇવાચ્'.

૫ 'અફઝાર્'.

૬ 'નીયાઝઔમન્દ', ફા૰ લોભી.

૭ 'ઝીનેત્' અવ૰ 'ઝિ', ચોરવું, લુટવું.

૮ 'ખનીત્', નામદારી મેળવેલી.

૪ ધરાવનાર મોહટાં દીલનાં માણુસને ધીકારે છે.[1] (૪) અને તે છતાં તે ભીખારી આદમી પોતાને તો તે નામવરી ભરેલા શખસને લીધેજ નીભાવી ચલાવે છે, અને પોતામાં જે કાંઇ ખામીઓ છે તે તે આબાદી ભરેલા શખસ તરફની નઆમતથી ઢાંકી નાંખેછે. (૫) જ્યારે મોટાં દીલનો
૫ માણુસ તે છે કે જે જે કાંઇ તેને (બીજા પાસેથી) લેવું પડે[2] તેથી પશેમાન થઇ જાય; અને જે કોઇ શખ્સ કે ગેતીનાં લોકો તરફની તેની મોટાં દીલની સખાવતનો દુન્યાની દોલતનો હિસ્સો ઓછો થાય એવી બંદગી ગુજારતો હોય, અને એવી રીતે દુન્યાને ખોટ જાય એવી દુઆ ગુજારતો હોય, તેનીબી તેણે મેહમાનદારી કીધી હોય.

૭૨ મું. **૭૨ મું.** તેઓ વળી એમ માનતા હતા કે: જે કોઇ બીજા શખ્સની પરણેલી સ્ત્રી[3] સાથે હમબીસ્તર થાય તે જોકે (એક ખુનીની શિક્ષા લાયકના) નહી માફ થાય[4] તેવા ગુનાહમાં આવી પડતો નથી, તે છતાં તે માણુસની ચાલથી જેહાનમાં કુસંપ અને સંતાપ ભરેલાં દુ:ખનો વધારો થાય છે, અને તે માણુસની ચાલથી જેહાનમાં કુસંપ અને સંતાપ ભરેલાં દુ:ખો વધે છે તે સબબને લીધે તે મર્દ પાસે તોજેશ કરાવવી[5] જોઇએ છે.

૭૩ મું. **૭૩ મું.** તેઓ વળી એમ માનતા હતા કે: (હરેક માણુસે) પોતાનાં યકીન પ્રમાણેનાં પવિત્ર મકાનના ઉંબરમાંજ નમન સાથે સર નમાવી પડી રહેવું,[6] નહિ તો કે તેની ઉપર પરીશાની ગાલેબ થશે, કારણ કે જે

---

૧ એ એશારો એવા આળસુ માણુસ વાસ્તે છે કે જે પોતાની આળસઇનો બચાવ કરવા દોલતને ધીકારવાનો ઢોંગ કરે છે, જોકે તેને પોતાને તો મોટાં દીલના સખી આદમીની બક્ષેશ ઉપરજ આધાર રાખવો પડેછે.

૨ મોટાં દીલનો સખી માણુસ પોતાની સખાવતનોજ જરો ચાલું રાખવા એટલો બધો હંમેશ આતુર હોય છે કે જો કદી તેને કંઇ ઉછીનું યા બક્ષેશ તરીકે બી લેવું પડે છે તો તેથી તે પશેમાન થવા છતાંબી તેમ કરે છે.

૩ 'શઉહરીગ,' ફા૦ 'શોહર,' ખાવંદ, ધણી.

૪ 'અનાપૂહલગાન્.'

૫ 'તૂઝીનીતન.'

૬ 'ખૂફ્તક.'

માણુસ પોતાનાં પાક મકાનનાં ઉંબરથી બહાર (ભટકતો) હોય તે દેવોનો પોતાનો થઇ પડે છે.[1]

૭૪ મું. તેઓ વળી એમ માનતા હતા કે: કોઇ પણ ચીજ પોતાની રાસ્ત દીન કરતાં વધુ ફાયદેમંદ નથી, કારણ કે જે કોઇ દીનનાં ખોરહેને દીપાવે છે તે હરગેઝ ઇન્સાનોને ઇજા દેતો નથી. ૭૪ મું.

૭૫ મું. તેઓ વળી એમ માનતા હતા કે: તીશ્તર કરતાં કોઇ પણ શખ્સ વધુ મોહટાં દીળવાલો અને સખાવત કરનારો નથી, કે જેની સખાવત તીશ્તરના જેટલી ઉત્તમ અને પુરતી હોય. ૭૫ મું.

૭૬ મું. તેઓ વળી એમ માનતા હતા કે: આએ દીનને લગતાં શિક્ષણોમાં એક આએ છે કે હરએક શખ્સ એકકો[3] હોય એવું કશું કારણ નથી; અને જે કોઇ એકકો હોય તેને બરાબર તપાસી જોવો જોઇએ છે. ૭૬ મું.

૭૭ મું. તેઓ વળી એમ માનતા હતા કે: માણુસોમાં એવો એક પણ જન્મતો નથી કે જેની અંદર આએ છ મીનોઇ ચીજો લડતી ન હોય:—ભલું મન અને ભુંડું મન, પવિત્ર નીતિમાન સમજ અને આંધલો ગુસ્સો, સીધ્ધાપણું અને ઉલ્ટાપણું. ૭૭ મું.

૭૮ મું. (૧) તેઓ વળી એમ માનતા હતા કે: કોઇની અંદર **"વહુમન"** (ભલું મન) મેહમાન હોય તેની નીશાણી આએ છે કે તે નેકીમાં ગરમ[4] હોય, અને ભલા સાથે ભરોસાથી મલેલો[5] હોય, અને સલાહ સંપજમાં ચાલુ રહેતો હોય, તથા (એક બીજાની) ખોદાવંદ તરફની સેફારસનો વધારો કરનાર હોય. (૨) અને જે કોઇ માણુસની પોતાની અંદર પરોણા તરીકે **"અકો-** ૭૮ મું–૧ ૨

૧ હરેક માણુસને લાઝમ છે કે તેણે પોતાને એક દાદગાહ યા પાક-મકાનના દરવાજા આગળ પોતાનો નીરાંતનો વખત ગુજારવો; અને આસાયશને વખતે કોઇએબી હલકી મોજ શોખની શોધમાં બહાર ભટકવું નહી, કારણ કે તેમ કીધાથી તે દેવો (યાને બુરી લાલચો)ની સંગત અને સગાઇમાં સપડાઇ પડશે.

૨ તીશ્તર વરસાદ લાવનારી મીનોઇ ભલી શકતિ છે; અને ખચીત વરસાદ જેવી આ દુન્યા માટે વધારે ઉપ્યોગી બીજી કોઇ શકિત નથી.

૩ 'અયોકાનક' ફા૦ 'યગાનહ' એકકો.

૪ 'તફતીગ'. ૫ 'નિહફતીગ'.

મન"(બુરૂં મન) હોય[1] ત્યારે તેની ખાસ્યત એવી છે કે તે ભલાં કામોની બાબતમાં સુસ્ત થઇ જાય, ખરાબ સંગતો કરે, સારાં માણુસો સાથે પીડાકારક થઇ પડે, અને તે પોતે સુલેહ[2] અને તેની વૃદ્ધિ [3] કરાવવાનાં કામનો શત્રુ બને. (૩) અને જે માણુસની પોતાની અંદર પરોણા તરીકે "**સરોશ**" (સભ્યતા) હોય ત્યારે તેની ખાસ્યત એવી છે કે હમેશાં[4] (તેનાથી) સભ્યતાભરેલા શબ્દો[5] બોલાયછે, અને જ્યારે તે (શબ્દો) બોલાયછે ત્યારે તે (શબ્દો) ઉપર ધ્યાન આપવામાં આવેછે; અને જ્યારે તે ખામીભરેલા[6] હોયછે ત્યારે તે શબ્દોને ખેંચી લેવામાં આવેછે; અને બીજાઓની પસંદગી અને તારીફને માટે કાંઇ પણ જુઠું તે બોલતો નથી; અને જે કોઇ નીર્દોષ[7] હોય તેને તે મારતો નથી, પણ જે કોઇ પાપી હોય તેને મધ્યમપણે[8] તે મારેછે. (૪) અને જે માણુસની અંદર પરોણા તરીકે "**અએશમ**" (ગુસ્સો) હોય ત્યારે તેની ખાસીયત એવી છે કે હમેશાં તેનાથી નાલાયક[9] બાબદો ઉપર સાથે સાથે બોલી દેવાયછે; અને જ્યારે પણ (તેવી બાબદો ઉપર) તે બોલેછે ત્યારે તેને કોઇ સાંભળતું નથી; અને જ્યારે તે કાંઇ પણ વાંધા ભરેલું[10] તેમજ ખામી ભરેલું બોલેછે ત્યારે તે પાછું ખેંચી લેતો[11] નથી; બીજાઓના વધારા અને ફાયદાને ખાતર તે બહુ જુઠું બોલેછે, અને નીર્દોષ લોકોને તે બહુ મારેછે.(૫) અને જે માણુસની અંદર પરોણા તરીકે "સ્પેન્દોમત" (સંપુર્ણ ભક્તિભાવ) હોય ત્યારે તેની ખાસ્યત એવી છે કે તેનામાં ભરપુર (અથવા સંપુર્ણ) નમાનાપણું[12] હોયછે; અને જ્યારે કાંઇ પાપી

૧. અથવા 'જે માણુસની અંદર અકોમને પોતાનું ઘર કર્યું હોય.
૨. 'આશ્તીહ.'
૩. 'વખ્શીનીતનશ'
૪. અથવા, દરેક જગોએ.
૫. 'લૅવતા શાયત,' જોઇયે એવા શબ્દો બોલવામાં આવેછે.
૬. 'આહૂક.'
૭. એટલે, પાપ વીનાનો.
૮. અસલ પ્રમાણુમાં.
૯. એટલે, બંધ બેસે નહીં એવી.
૧૦. સરખાવો ફારસી 'ફૂતક' મારતું.
૧૧. વાંચો 'ગશીતન' જે 'કશીદન'ને બદલે વપરાયોછે; સરખાવો એને મળતો ફારસી શબ્દ.
૧૨ બોલેબોલ અર્થ, વીચાર થાય છે.

કામ કરવાને તેને લોક લલચાવેછે[૧] ત્યારે તે તેમ કરતો નથી; અને જ્યારે આ દુન્યાની દોલતનો ભરપુર હીસ્સો તેને મલેછે ત્યારે પણ ભલા મીનોઓની દોલતથી[૨] તે ફરી જતો નથી; અને પોતાના સવાબનો બદલો ગેતીનાં લોકો પાસે નહીં, પણ મીનોઇ રૂહો પાસે (મેલવવાને) તે ચાહે છે. (૬) અને જે માણુસની અંદર પરોણા તરીકે "તરોકમત" (ગરૂરી)[૩]નો દુર્જ હોય ત્યારે તેની ખાસ્યત એવી છે કે તેનું વિચારવું બહુ ઉતાવલુંછે; અને જ્યારે લોકો તેને કાંઇ ગુનાહ કરવાને સમજાવેછે તો તે તેમ કરવાને દોરવાયછે; જ્યારે આ દુન્યાની દોલતનો ન્હાનો હીસ્સો[૪] પણ તેને મલેછે ત્યારે તે ભલા મીનોઓની દોલતથી[૫] દુર ઉભો રહેછે; ગેતીની હસ્તીઓ પાસેથી અને નહીં કે મીનોઇ હસ્તીઓ પાસેથી સવાબનો બદલો (મેળવવાને) તે ચાહેછે. ૬

૭૯ મું. (૧) તેઓ એમ પણ માનતા હતા કે: અર્દીબેહેસ્ત સાત મહીના ગેતીની દુન્યામાં અને પાંચ મહીના મીનોઇ દુન્યામાં રહે છે. (૨) અને જ્યારે પાંચ મહીના તે મીનોઇ દુન્યામાં હોય છે ત્યારે તે ગેબી રીતે વનસ્પતિનાં શરીરમાં હોય છે, છોડવાઓનાં બીયાં ઉપર તપાસ રાખે છે, અને તેઓનું પોષણ કરી ઉધારે છે; અને તે પાંચ મહીનામાં તે ઝાડો ઉપ્રન કરે છે. (૩) ઉપલા સાત મહીનામાં જ્યારે તે ગેતીની દુન્યામાં ઓરવરનાં શરીરમાં જાહેર થાય છે[૬] ત્યારે ઝાડો મોડ યા ફુલો આપે છે અને ફળો ઉત્તપન કરે છે. (૪) જ્યારે વર્ષના તે સાત મહીનામાં આ કારણુને લીધે અર્દીબેહેસ્ત અમશાસ્પંદના હમકાર રપીથ્વનનો વખત જાહેર થાય છે, પણ (બાકીના) પાંચ (મહીના)માં તે (એમ જાહેર થતો) નથી. ૭૯ મું–૧ ૨ ૩ ૪

---

૧ 'સારીનેન્દ'; સરખાવો અવસ્તા ધાતુ, 'સર્' ભાંજી પાડવું, નુકસાન કરવું, અને ફારસી 'શારીદન,' ગુનેહગાર થવું, દોષીત થવું.

૨ વાંચો 'ચખૂન ઇ યઝદાન'; કદાચ 'અદીનિચ બોદ ઇ યઝદાન' ત્યારે તે ખોદાઇ અક્કલથી (ફરી જતો નથી).

૩ અથવા, 'મગરૂરી,'

૪ 'અન્દક બાહર.'

૫ 'મિન ચખૂન.'

૬. બોલેબોલ અર્થ: બહાર આવે છે.

૮૦ મું-૧

૮૦ મું. (૧) તેઓ એમ પણ માનતા હતા કેઃ જો કોઇ દીનના કાયદાને[1] ખાતર ખુશીથી પોતાની ઉપર આવી પડતી મુશ્કેલીઓ[2] અને દુઃખ સહન કરે[3] અને પછી તે કામને એક લાયક સવાબથી જુદાંજ કામ તરીકે તે ઓલખે, એટલે કે તે મુશ્કેલીઓ અને દુઃખની કાંઇ ધાસ્તીને લીધે તે કાંઇ આડું કામ કરે, તોપણ પોતાની મેલે તેનું ઉપલું સવાબ કામ ગુમ થાય છે. (૨) પણ કુદરતના કાયદાથી ઉલટી રીતે ઓરત સાથે સંબંધ રાખવાનાં પાપમાંથી અને તે જાતનાં તેનાથી કરવામાં આવેલાં બીજાં પાપમાંથી કોઇ પણ જાતનો (ઉપલા સવાબને લીધે) તેનો છુટકારો થતો નથી; કારણ કે તેવાં (ભુડાં) કામની અંદરના પોતાના ભાગને લીધે આ દુન્યામાં (ધર્મને ખાતર) જે કાંઇ મુશ્કેલીઓ અને દુખ સહન કરવાને કોઇ માણસ તૈયાર થયો હોય તે છતાં તે (ચીનવત્ પુલ ઉપરથી) પસાર થતો નથી.

૨

૮૧ મું.

૮૧ મું. તેઓ એમ પણ માનતા હતા કેઃ એવી (રાસ્ત) દીનને ખાતર[4] આ દુન્યામાં કોઇ માણસે (એવી) મુશ્કેલીઓ અને દુખ સહન કર્યાં હોય,[5] અને પછી તે મુશ્કેલીઓ અને દુખને સવાબના કામથી જુદાં તરીકે ગણ્યાં હોય, તોપણ અણદીઠ મીનોયઝદો એવી કોઇ બાબતને[6] લીધે લોકો જે મુશીબતો અને સંકત વેઠે છે તે (તેઓથી) થયલાં બીજાં પાપોમાં ઉમેરાયલાં કાંમો[7] તરીકે ગણતા નથી.

૮૨ મું-૧

૮૨ મું. (૧) તેઓ એમ પણ માનતા હતા કેઃ એક શખ્સ હતો જેણે એમ પુછયું કેઃ—"એવી તે કઇ મીનોઇ શકિત છે કે જે એક માણસને પ્રમાણીકપણાં તરફથી અપ્રમાણીકપણા તરફ, અને અપ્રમાણીકપણાં તરફથી રાસ્તી તરફ દોરવી જાયછે ?" (૨) અને એરવદોએ જવાબ વાહ્યો છે

૨

---

૧ 'આઇનીન' જેનો સંસ્કૃત તરજુમો 'આચાર' થઇ શકે છે.

૨ વાંચો 'અલગ,' મુશ્કેલી; સરખાવો ફારસી 'ઉલૂ.'

૩ વાંચો વલ ચોલા 'મૅકઅલૂનાં,' પોતાની ગરદન ઉપરના બોજા તરીકે કબુલ રાખે.

૪ 'અઇનીનક.'

૫ 'વલ ચોલા પતી-રફત.'

૬ 'પવન ચિશ.'

૭ DM અને DE પ્રમાણે એ 'અવદર્ગ' વંચાય, દાખલ થઇ શકે નહી એવું. એ શબ્દ 'અવિલગ' બ્લીસ્તર તરીકે પણ વંચાય.

કેઃ "તે (માણુસની અંદરની) 'રગીહ'[1] (નામની, આપ મરજી મુજબ ચાલવાની) શકતી છે." (૩) અને પરહીઝગાર લોકોએ[2] એમ પુછયું છે કેઃ "માણુસની અંદર 'રગીહ' તે શું છે? શું તે માથું છે, અથવા આંખ છે કે કાન છે?" (૪) અને એરવદોએ જવાબ આપ્યો છે કેઃ "'રગીહ' એવી કાંઇ ચીજ છે જે માણુસના શરીરમાં (હસ્તી ધરાવેછે.)" (૫) અને તે છતાં પરહીઝગાર લોકો 'રગીહ' શું છે તે સમજયા નહીં. (૬) અને અંતે તેઓ માંહેલા જેઓ ફીલસુફો હતા તેઓએ કહ્યું કેઃ "'રગીહ' દરેક માણુસમાં ઉત્પન થાય છે, કારણકે જે માણુસમાં 'રગીહ' હોય છે તે તે કે જે હોરમઝદ છે તેને આરાધે છે, તેમજ તે કે જે આહરેમન છે તેને પણ આરાધે છે; જ્યારે તેની મરજી હોય છે ત્યારે તે હોરમઝદ ખોદાની પુઠે ચાલે છે, અને જ્યારે તેના મનમાં આવે છે ત્યારે તે આહરેમનની પુઠે ચાલે છે." (૭) આ દુન્યામાં તેઓનો નતીજો યા હીસ્સો એટલે કે જે માણુસ એવા (દીનના) તરીકાથી ઉલટાં કામો કરવાને ઇચ્છતો નથી તેને માટે બહુ ભલાઇ (અથવા, સુખ) છે; અને જે માણુસ તેવા તરીકાથી ઉલટાં કામો કરવાને ઇચ્છે છે, તેને માટે તે કામોથી સઉથી ખરાબ બુરાઇ છે; અને તેને માટે તેઓ કહે છે કે તે પણ (જીંદગીની) આખેરીએ તરીકાથી ઉલટાં કામો કરશે નહીં[3] ......"

૮૩ મું. (૧) તેઓ એમ પણ માનતા હતા કેઃ એવો કોઇ શખ્સ નથી કે જે પેલી બંને ચીજો ઉપર આધાર રાખતો હોય, અને જે એક તેમજ બીજીને માટે જેવો જોઇયે તેવો હોય; એવું ત્યારે બને છે કે જ્યારે (એવો સવાલ) સમજવાને બની શકે તેમ હોતું નથી, જેમકે, "વધારે સારૂં અને વધારે પ્રમાણીક શું છે?" ૨૮ (૨) આ બે રાહ એકજ હોવાથી, બીજા શબ્દોમાં,[4] એક માણુસ પોતાનાંજ જાતી ડહાપણુને લીધે પોતાનું જાતી જ્ઞાન મેળવેછે,

૩ ૪ ૫ ૬ ૭ ૮૩ મું–૧ ૨

---

૧ આ શબ્દ ઘણી રીતે વંચાઇ શકેછે; (૧) 'રદકા' ખરૂં, સચ્ચાઇ, કાયદો, સજા, મદદ (જુવો "પહલવી પાઝંદ શબ્દકોષ"); (૨) 'રગીહ' મરજી, ઇચ્છા, નસ (૩) 'લકીહ' (સરખાવો ફારસી 'લક્કહ') દાઘ, ખામી, વાંક, શરમ; (૪) 'લકશ' (ફારસી 'લકાશ') પૈસા.

૨ અથવા, ઉમરાવ લોકો.

૩ નીચલા ફકરા ઉપરથી જોવામાં આવશે તેમ અહિંઆં, મારા વીચાર મુજબ, અસલ લખાણુનો થોડોક ભાગ છોડી દેવામાં આવ્યોછે:

૪ 'અથૂર'.

એટલે કે, તે માણુસ ડાહયો છે કે જે એવા સદગુણને પહોંચેછે કે જેથી તે જ્ઞાનવાલો થાય છે.

૮૪ મું.

૮૪ મું. તેઓ વળી એમ માનતા હતા કે: જો કોઇ શખ્સ લોકોને દીનની કેળવણી આપવાનું ચાલુ કરે તો તે જો ઘણો ખંતી (યા જાનફેશાન) આદમી હોય તોજ તેણે તેમ કરવું જોઇએ; અને ત્યારેજ જે અચુકપણું યાને સચ્ચાઇ (જરથોસ્તી) ખોદાઇ દીનમાં હસ્તી ભોગવેછે તેથી તે તેઓનાં રવાનોનું તારણ કરવાને શક્તિવાન થશે.

૮૫ મું.

૮૫ મું. તેઓ વળી એવું માનતા હતા કે: ટુંકમાં કહયે તો રવાનનું સઉથી સરસ તારણ એ છે કે એક આદમીએ એવી રીતે (આ જીંદગીમાં) વર્તવું કે જેથી ખોદાની પરસ્તેશ થાય અને બુરા દેવની પુંજા નહિં થાય.

૮૬ મું.

૮૬ મું. તેઓ વળી એવું માનતા હતા કે: જે કોઇ એક માસીક માંદગીવાલી ઓરત સાથે હમબીસ્તર થાય તે જો કે અંધાપામાં અને અંધકારમાં તેમ કરે તોબી તે ગુનેહગાર છે.

૮૭ મું.

૮૭ મું. તેઓ વળી એવું માનતા હતા કે: આદમીઓએ એવી રીતે હુસ્યાર રહેવું જોઇએ કે બની શકે ત્યાં સુધી તેઓને કંઇબી નુકસાન પોહોંચે નહિં, સબબ કે જ્યારે એક શખ્સનાં તનમાં બગાડ રહેઠાંણુ કરે છે ત્યારે "અકોમન" તેનાં તનમાં મજબુત વાસો કરે છે; અને જેવો "અકોમન" તે તનમાં જઇ બેસે છે કે "વહુમન" તુરત તે તનમાંથી નીકલી જાય છે; અને તે વખતે તે શખ્સ દરેક ચીજ બુરાં મનથી અને દરેક બુરાંમાં બુરી ચીજનાં બદ વિચારથી જોયછે. (૨) અને જે બદ વિચારોમાં પ્રવીણ હોય છે તેનો રસ્તો સેવટે દોજખમાં હોય છે; અને જેઓ દોજખમાં જાય છે તેઓમાંથી જ્યારે કેટલાકો પાછા ફરેછે ત્યારે કેટલાકો પાછા ફરી શકતા નથી.



Printed at the "SANJ VARTAMAN" ELECTRIC PRINTING PRESS, BOMBAY.

GLOSSARY OF SELECT WORDS OCCURRING IN THE PAHLAVI TEXT OF BOOK V.



[illegible] ([illegible]) Pahl. Intr., 1, p. 4, l. 17, *n.*, 'memorandum', 'book', 'યાદી', 'કેતાબ', 'સખાણુ.' Cf. Pers. یادگار; Av. [illegible] 'memory', 'remembrance.'

[illegible] ([illegible]) Question XXIII., p. 3, l. 13, *v.*, 'they swallow up', 'they devour', 'ગળ્પ કરે.' Comp. Av. [illegible] 'to fill.'

[illegible] ([illegible]) Answer XV., 4, p. 12, l. 9, *adj.*, 'anxious', 'આતુર.' Av. [illegible]

[illegible] ([illegible]) Ans. IX., p. 8, l. 10, *adj.*, 'swiftest', 'most hastening', 'પુરકુળ ઝડપથી ધસારો કરતી.' Cf. Pers. شتافتن 'to hasten', Av. [illegible] and [illegible]

[illegible] ([illegible]) Q. XXII., p. 3, l. 10, *n.*, 'the state of walking bare-footed', 'ઊઘાડે પગે ચાલવાની હાલત'. [illegible] 'without', [illegible] 'a shoe', and [illegible], Av. [illegible] 'to run'.

[illegible] ([illegible]) Pahl. Intr., 3, p. 5, l. 7, *adj.*, 'without doubt', 'certain', 'ચોકસ'. Av. [illegible] 'having one belief or opinion.'

[illegible] ([illegible]) Q. XVI., p. 3, l. 1, *adj.*, 'without having put on (the *kûstîg*)', 'કુસ્તી નહિ બાંધેલી હાલતમાં'. Comp. Av. [illegible] 'not having put on the sacred shirt (*sûdrah*) and kûstî'; also Av. [illegible],—[illegible] and [illegible] 'to put on'. Cf. Guj. 'અઈવ્યાંઘન.'

[illegible] ([illegible]) Ans. XIX., 5, p. 16, l. 6, *n.*, 'non-procreation', 'પુન્યાદ યા ફરજંદનો સેલસેલો નહી વધવા દેવો તે'. Av. [illegible], 'to be born.'

[illegible] ([illegible]) Ans. IX., p. 8, l. 11, *adv.*, 'cowardly', 'હીચકારાપણાથી'. Comp. Pers. یل 'strong', 'a hero'.

[illegible] ([illegible]) Ans. IV., 1, p. 5, l. 16, *adj.*, 'without any cause', 'કાંઇબી કારણ વગર'.

[illegible] ([illegible]) Ans. VII., 5, p. 8, l. 3, *n.*, 'non-destruction', 'undisturbance', 'નાબુદ નહિ કરવાની હાલત'; *inf.* [illegible], Av. [illegible] 'to decay.'

[illegible] ([illegible]) Ans. XIV., 6, p. 11, l. 18, *n.*, 'indolence', 'આળસાઈ.' Comp. Pers. آژگهان

[illegible] ([illegible]) Ans. IV., 4, p. 6, l. 4, *n.*, 'avariciousness', 'લોભીપણું' Cf. Pazend-Patit, 10. [illegible] [illegible]; Av. [illegible] 'avarice.'

[illegible] ([illegible]) Ans. XXII., 1,

p. 18, l. 3, *n.*, 'waxing', 'increasing', 'વધવું,' 'વધારો'. Perhaps [illegible] 'cruelty', 'hardness', from Av. [illegible] 'to be hard'; also it may mean 'worship (of the demons)', comp. Sans. खर्ज् *kharj*, 'to worship.'

[illegible] ([illegible]) Ans. IV., 4, p. 6, l. 5, *n.*, 'pillage', 'લુંટફાટ'. Av. [illegible] 'plunder', and [illegible] 'nature'; it can be read [illegible] 'helpless nature', 'incapability', 'નાચાર સ્થિતી.'

[illegible] ([illegible]) Ans. VI., 1, p. 7, l. 4, *n.*, 'confederate,' 'મદદગાર;' 'મદદગાર;' Av. [illegible] Also read [illegible] 'antagonist', 'દુશ્મન;' cf. Av. [illegible] 'an opponent', Av. rt. [illegible] 'to stand.'

[illegible] ([illegible]) Q. I., p. 1, l. 4, *n.*, 'competitor', 'opponent'; 'હરીફ', 'દુશ્મન'; better [illegible] ([illegible]) lit. 'co-existent', from Avesta [illegible] 'together' and [illegible] 'to be', 'to exist'; Mod. Pers. هموده.

[illegible] ([illegible]) Ans. IV., 2, p. 6, l. 1, *adj.*, 'behaving foolishly', 'મૂર્ખાઈથી વર્તતો'. Cf. Av. [illegible] in Vend. II.; Mod. Pers. هرزه — هرزه کار

[illegible] ([illegible]) Ans. XII., 1, p. 4, l. 8, *adj.*, 'glorious', 'of good lustre'; 'કીર્તિમંદ'. Comp. Av. [illegible] from [illegible] 'good' and [illegible] 'work' (Lat. *opus*); hence it may also mean 'working wonders.' Comp. also Av. [illegible] (as in آبرو — آبتاب) Pers. آب 'lustre', Skr. *âbhâ*. The word can also be read [illegible] 'contented', 'સંતોષી.'

[illegible] ([illegible]) Ans. XIII., 2, p. 10, l. 11; *adv.*, 'zealously', 'ઊમંગથી'; lit. 'with a self-established or honest face.' Comp. Av. [illegible]

[illegible] ([illegible]) Ans. XVI., 1, p. 12, l. 4, *n.*, 'ખુશ આવાજે ભણવું યા વાંચવું,' 'a charming recitation.' Comp. Pers. بسا نیدن 'to render fertile or charming.'

[illegible] ([illegible]) Pahl. Intr., 1, p. 4, l. 16, *n.*, 'religious deliberations or controversy', 'ધાર્મિક તકરાર, તથા આચાર વિચારો', *inf.* [illegible] 'to expound'; Av. [illegible] 'to move all round', 'to critically examine.'

[illegible] ([illegible]) Ans. X., 2, p. 8, l. 16, *adj.*, 'exciting', 'ઉસ્કેરનારી.' Better [illegible]

[illegible] ([illegible]) Ans. XX., 1, p. 16, l. 3, 'harlot-like', 'a prostitute', 'બદકાર ઔરત.' Av. [illegible], rt. [illegible] 'to indulge.'

[illegible] ([illegible]) Ans. XX., 1, p. 16, l. 10, *adj.*, 'terrible', 'ભયંકાર.' Comp. Pers. زفنه

[illegible] ([illegible]) Ans. IV., 1, p. 5, l. 17, *n.*, 'agitation', 'distur-

bance' 'ઉશ્કેરણી'; *inf.* [illegible] 'to move', 'to agitate'; Av. [illegible], Skr. *jambh*, 'to crash'; Pers. جنبیدن

[illegible] ([illegible]) Ans. XIII., 2, p. 10, l. 10, *adj.*, 'profound', for [illegible] *zūfrākās*, 'depth of knowledge', 'ઉંડા ભાવાર્થના(કલામ).'

[illegible] ([illegible]) Ans. VI., 1, p. 7, l. 4, *n.*, 'times', in [illegible] *chand-dānar*, 'several times', 'કેટલીક વખત.' Comp. Av. [illegible] Geldner interprets it by the Germ. word *mal*.

[illegible] ([illegible]) Ans. XIX., 1, p. 15, l. 7, *n.*, 'separators of families,' 'કુટુંબીઓને એકમેકથી જુદા કરનારા.' Also (1) [illegible] 'disturbers', 'destroyers', 'નાશ કરનારા;' (2) [illegible] 'separators', Pers. [illegible] 'to be benumbed in the limbs,' 'શરીરનાં અવયવોમાં ચંડુ થઈ જવું.'

[illegible] ([illegible]) Ans. XXII., 2, p. 18, l. 6, *n.*, 'grumble', 'બડબડયા કરવું'.

[illegible] ([illegible]) Ans. XXXIII., 1, p. 26, l. 1, *n.*, 'an agricultural implement', 'ખેતીને લગતું હથયાર.' Comp. Mod. Pers. دست آهنك.

[illegible] ([illegible]) Intr., p. 1, l. 1, *n.*, 'a townsman', 'શેહેરી'. Av. [illegible] 'a country', Pers. ده

[illegible] ([illegible]) Ans. XXXII., 2, p. 24, l. 14, *abst. n.* Comp. Av. [illegible] 'perseverance', 'ખંતવાલી કુશેશ.'

[illegible] ([illegible]) Ans. XXVIII., 1, p. 21, l. 2, *n.*, 'gift', 'ભેટ', 'હદયો'; Av. [illegible] 'gift.'

[illegible] ([illegible]) Pahl. Intr., p. 5, l. 7, *adj.*, 'persistent', 'ટકી શકે તેવી (પખર)'; *inf.* [illegible] 'to exert'; Av. [illegible] 'to endeavour.'

[illegible] ([illegible]) Q. XXX., p. 4, l. 8, *n.*, 'green vegetables', 'હલિલોતરી'. Comp. Pers. تره 'garden-herbs' in general.

[illegible] ([illegible]) Intr., p. 1, l. 1, *n.*, 'a Christian', 'ખ્રીસ્તી.' Av. [illegible] 'to fear'; hence *tarsā*, 'fearful', 'awful', used for Christ; *adj.* form, *tarsāk*, 'a Christian'.

[illegible] ([illegible]) Ans. XXVII., p. 20, l. 14, *n.*, 'a twig', 'ડાંખલી.' Comp. Pers. نهال 'a young plant', 'a shoot.' Perhaps [illegible], comp. Av. [illegible] 'a twig of *haoma* pounded at will.'

[illegible] ([illegible]) Ans. XVII., 2, p. 14, l. 14, *n.*, 'detestation', 'ધીક્કારવું;' Pers. نکوهیدن 'to despise.'

[illegible] ([illegible]) Ans. XIV., 6, p. 11, l. 14, *n.*, 'temptation', 'લાલચ.' It can also be read [illegible]; cf. Av. [illegible], lit. 'drought', 'destruction.'

[illegible] ([illegible]) Ans. IX., p. 8,

l. 18, *adv.*, 'dreadingly', 'બારેતી સાથે.' Comp. Pers. ترها 'fear'.

[Pahlavi] ([Pahlavi]) Ans. XVII., 1, p. 14, l. 8, *n.*, 'a representation', 'બાબત, also 'an epitome', 'a statement'; Av. [Pahlavi] 'to say.'

[Pahlavi] ([Pahlavi]) Ans. XII., 1, p. 9, l. 8, *n.*, 'garment', 'garb'. 'પોશાક.' It can also be read [Pahlavi] *nazd*, 'associated with.'

[Pahlavi] ([Pahlavi]) Ans. XXXI., 2, p. 23, l. 10, *adj.*, 'created by God', 'ખોદાએ પેદા કીધેલો.' Comp. Av. [Pahlavi]; Pahl. [Pahlavi] *Baga-dat* for [Pahlavi], *Baga-dâta*, comp. [Pahlavi] *nyôk-dat.*

[Pahlavi] ([Pahlavi]) Ans. IV., 4, p. 6, l. 5, *n.*, 'destitution', 'લાચારી'. Comp. Mod. Pers. زشت 'poor', 'ugly'. Also [Pahlavi] 'disgracefulness', 'શરમ ભરેલી હાલત;' comp. Mod. Pers. زشتی. Perhaps a corruption of Pahl. [Pahlavi].

[Pahlavi] ([Pahlavi]) Ans. XII., 1, p. 9, l. 9, *n.*, 'evil earthly knowledge', 'બુરૂં દુન્યવી જ્ઞાન;' also read [Pahlavi] 'the evilly deceptive one', 'બુરી રીતે ઠગાઈ કરનારો.'

[Pahlavi] ([Pahlavi]) Ans. XIV., 6, p. 11, l. 16, *n.*, 'disintegration', 'શરીરીક સ્થીતિમાં પડી ભાગવું તે, Av. [Pahlavi] + [Pahlavi] Pers. گشودن

[Pahlavi] ([Pahlavi]) Pahl. Intr., p. 5, l. 3, *n.*, 'explicit language', 'સમજ પડી શકે એવી ભાષા,' Av. [Pahlavi] and *vijâr*, Av., Skr. *vi + char*; Mod. Pers. گزاردن 'to discern.'

[Pahlavi] ([Pahlavi]) Ans. XIII., 2, p. 10, l. 12, *n.*, 'oral', 'મોહડેથી (ભણવું),' Av. [Pahlavi] 'to speak', 'to recite.' It can be read [Pahlavi] 'vigorous (recitation),' 'જોરથી (ભણવું) તે'. Av. [Pahlavi] 'strength', 'vigour.'

[Pahlavi] ([Pahlavi]) Ans. XXIV., 1, p. 18, l. 17, *adj.*, 'a woman who has had coition or miscarriage'. Perhaps from Av. rt. [Pahlavi] 'to deceive'. Comp. Old Pers. *risis-tanaiy*, Mod. Pers. گسستن 'to break off.'

[Pahlavi] ([Pahlavi]) Ans. VII., 2, p. 7, l. 17, *n.*, 'observation,' 'અવલોકન કરવું તે,' Av. [Pahlavi] + [Pahlavi] + [Pahlavi]

[Pahlavi] ([Pahlavi]) Ans. VI., 2, p. 7, l. 7, *n.*, 'limits', 'હદો.' Comp. Av. [Pahlavi] 'exterior limits'. It can also be read [Pahlavi]; Av. [Pahlavi] 'side', 'boundary'.

[Pahlavi] ([Pahlavi]) Ans. X., 2, p. 9, l. 2, *n.*, 'prosperity', 'આબાદી', a substitute for [Pahlavi] *bahâr*, 'spring'.

[Pahlavi] ([Pahlavi]) Ans. XIX., 4, p. 16, l. 2, *n.*, 'fat', Mod. P. پیه 'grease,' 'ચરબી.'

[Pahlavi] ([Pahlavi]) Ans.

XXVIII., 2, p. 21, l. 4, *n.*, 'perfect solicitations', 'પુરવિનંતિ', 'સંપુર્ણ અર્જિત'; Av. rt. [illegible] 'to beseech', 'to solicit'; Pers. جستن It can be read [illegible], Av. rt. [illegible] 'to promote', 'to grow', hence 'full growth', 'full generation.'

[illegible] ([illegible]) Ans. VII., 2, p. 7, l. 16, *n.*, 'painful satiety or excess', 'દુઃખ ભરેલી અનીતિ,' also, [illegible] 'the fulness of evil disorders', 'પુર અશાંતી વાલી સ્થીતિ'. According to K. *fragart sirih, vide* note on the word.

[illegible] ([illegible]) Ans. XXXII., 4, p. 25, l. 5, *n.*, comp. Av. [illegible] 'abundance', 'plenty', 'અચાદતી,' 'આબાદી.' *Vide* also Ans. XXXI., 4.

[illegible] ([illegible]) Ans. XIX., 5, p. 16, l. 6, *n.*, 'a confiscator', 'જપત કરનાર.' Comp. [illegible] in Dk. VIII., Chap. XLI., 29, S. B. E., Vol. XXXVII.

[illegible] ([illegible]) Ans. X., 1, p. 8, l. 15, *n.*, 'chance', 'બનવાનો જોગ,' 'સંભવ'; cf. Pers. بخت 'lottery', 'speculation'.

[illegible] ([illegible]) Ans. XXXI., 6, p. 24, l. 4, *n.*, 'filth', 'dirt', 'ગલીચી,' 'કચરો.' Comp. Mod. Pers. بهرک

[illegible] ([illegible]) Ans. VII., 2, p. 7, l. 14, *adj.*, 'appointed', 'allotted', ઠેરવેલો; also it means 'supreme', from [illegible] superlative of [illegible] 'up', 'high'.

[illegible] ([illegible]) Ans. XII, 1, p. 9, l. 8, *adj.*, 'more brilliant', 'વધારે ચકચકીત.' Comp. Hebrew *âbrâham.*

[illegible] ([illegible]) Q. XXVIII., p. 4 l. 6, *n.*, 'error', 'fault', 'ભુલ'; cf. Pers. غلطه.

[illegible] ([illegible]) Ans. XVI., 1, p. 12, l. 4, *n.*, 'a formula', 'બંદગીનો ફકરો.' Comp. Pahl. *milayd.*

[illegible] ([illegible]) *adj.* 'distant', 'દૂર', a Semetic word.

[illegible] ([illegible]) Ans. V., 4, p. 7, l. 1, *adv.*, 'across', a Semetic word; cf. Arabic رضين 'hard to bear', 'heavy.'

[illegible] ([illegible]) Ans. XXII., 2, p. 18, l. 5, 'covert seed (of adultery)'. Comp. Av. [illegible], Skr. *khshudra* 'semen', 'seed.'

[illegible] ([illegible]) Q. XXVI., p. 4, l. 1, *n.*, 'a knife', 'છુરી'; a Semetic word.

[illegible] ([illegible]) Ans. XII., 6, p. 9, l. 17, *n.*, 'decay', 'નાશ,' also spelt [illegible] Comp. Av. [illegible] 'destruction', 'death', rt. [illegible] 'to decay', 'to abandon'.

[illegible] ([illegible]) Ans. XXIII., 2, p. 18, l. 15, *adv.*, 'gloomily', 'દલગીરીથી'; Av. [illegible], Skr. *shyavá*, 'black', 'dark'; perhaps [illegible] or [illegible] 'burning with affliction', 'દુઃખથી વિપત્તીમાં પડેલો,' 'ભડકેલો.'

II.

GLOSSARY OF SELECT WORDS CONTAINED IN BOOK VI., §§ I—LXXXVII.

[illegible] ([illegible]) § XXXVIII., p. 15, l. 11, *n.*, 'deficiency', 'કોતાઈ,' 'ઓછું હોવું તે.' Comp. Pers. عیب 'defect', 'blemish', 'vice', and Av. [illegible] 'an idol'.

[illegible] ([illegible]) § X., p. 5, l. 18, *n.*, often used as *adj.* or *adv.*, 'all sorts', 'altogether', 'entirely', 'સઘળું,' 'તદન'. Comp. Arabic [illegible]; Assyrian *aiumma*, Paz. syn. [illegible].

[illegible] ([illegible]) § LVII., p 20, l. 5, *v.*, 'misses', 'ભુલી જાયછે', 'બેકરાર હોયછે'. Comp. Pers. بیباس 'bad tempered'; بیابان 'waste', 'desolate'; or پاسیدن 'to guard'.

([illegible]) [illegible] ([illegible]) § XVI., 1, p. 7, l. 12, *inf.*, 'to keep in mind', 'યાદ રાખવું.' Av. [illegible] 'memory'; cf. Pers. یاد.

[illegible] ([illegible]) § XXIX., p. 13, l. 12, *adj.*, 'feeding', 'ગુજરાણ કરતો' 'પેટ ભરતો.' *inf.* [illegible] 'to swallow'; Av. [illegible] 'to fill.'

[illegible] ([illegible]) § LXXVI., p. 27, l. 14, *adj.*, 'unique', 'જેની મીસાલ નહી એવું.' Comp. یگانه 'singular', 'unique.'

[illegible] ([illegible]) § XIX., p. 9, l. 12, *adv.* 'unwillingly', 'મરજી વગર'; also read [illegible], 'without delay or hesitation', 'ઢીલ વગર,' 'આનાકાની વગર;' or, [illegible], 'without any false motive', 'બુરી મતલબ વગર.'

[illegible] ([illegible]) § LXXII., p. 26, l. 11, *adj.*, 'inexpiable (sin.)', 'incapable of being atoned for', 'તોબેશ નહીં થઇ શકે તેવો (ગુનાહ)'; cf. Av. [illegible].

([illegible]) [illegible] ([illegible]) § XXVI., 1, p. 12, l. 18, *gerundial n.*, 'removal', 'દુર થવાને,' 'તર્ક કરવાને'; Av. [illegible] 'further', 'back.'

[illegible] ([illegible]) § XXIII, 5, p. 11, l. 11, *adj.*, 'without suspicion', 'confident.' Cf Pers. بیگمان 'શક વગરનું,' 'મક્કમ;' Av. [illegible] 'doubt', 'suspicion'.

[illegible] ([illegible]). § XV., p. 7, l. 8, *adj.*, 'unpardonable', 'નહિં માફ થઈ શકે એવું.' Perhaps [illegible]; cf. Pers. پوخشیدن 'to grieve.'

[illegible] ([illegible]) § LXXI., 3, p. 25, l. 12, *v.*, 'destroys,' 'squanders away', 'નાશ કરેછે' 'ઉડાવી નાંખેછે'. (Bartholomae compares it with Av. [illegible] from rt. [illegible])

[illegible] ([illegible]) § XXXIII., 1, p. 14, l. 14, *adj.*, 'more honourable', 'વધારે માન ભરેલું;' Pers. آزرم.

[illegible] ([illegible]) § LXXIII., p. 27, l. 2, *n.*, 'a threshold', 'ઉંબર.' Comp. Pers. آستانه or آستان It can also be read [illegible]

[illegible] ([illegible]) § I., 8, p. 2, l. 12, *n.*, 'self-willedness,' 'એકલપેટાપણું.' Av. [illegible] and [illegible], from rt. [illegible] 'to love'.

[illegible] ([illegible]) § XXI., 1, p. 10, l. 2, *n.*, 'fountain source', 'મૂળ,' 'ઝરો' cf. Av. [illegible]; Pers. خانه.

[illegible] ([illegible]) § IX., p. 5, l. 14, *adj.*, 'dutiful', 'ફરજ અદા કરતો.'

[illegible] ([illegible]) § XVI., 2, p. 8, l. 2, *subj. v.*, 'should reflect upon.', 'ગોર કરવો,' 'દરયાફ્ત કરવો,' 'વિચાર કરવો,' indeclinable form, used as subjunctive. Av. [illegible] or [illegible] and rt. [illegible] 'to exhibit', 'to seem', 'to appear', 'to learn'; Pers. اندیشیدن.

[illegible] ([illegible]) § XXVII., p. 13, l. 4, *n.*, 'plentifulness', 'પુષ્કળતા' 'ભ્યાદતી.' Av. [illegible] 'together' and rt. [illegible] 'to bear', also [illegible] 'a good share', 'ભલો બદલો'; Av. [illegible] 'to distribute'.

[illegible] ([illegible]) § VI., 3, p. 5, l. 8, *n.*, 'union', 'સંબંધ,' 'એકતા.'

[illegible] ([illegible]) § XXXIII., 1, p. 14, l. 14, *n.*, 'a co-helper', 'સાથે મળીને કામ કરનારો'; also read [illegible]

[illegible] ([illegible]) § LXV., 1, p. 22, l. 16, *v.*, 'they obtain', 'તેઓ મેળવે.' from Chald. *hashkekh*, 'to obtain', 'મેળવવું'; *inf.* [illegible]

[illegible] ([illegible]) § X., p. 5, l. 17, *n.*, 'a controversy', 'દીન બાબેની ભળી તકરાર'; also 'care', 'દરકાર'. (cf. Pers. شکالیش)

[illegible] ([illegible]) § LX., p. 21, l. 9, *adj.*, 'pious', 'holy', 'પરહેજગાર'; it can also be read [illegible] 'free,' 'independent', 'સ્વતંત્ર;' or perhaps [illegible] from Av. [illegible] 'mighty', 'powerful', 'જોરાવર', 'બળવાન.'

[illegible] ([illegible]) § X., p. 5, l. 17, *n.*, 'memory', 'યાદદાસ્ત શક્તિ', also 'the revealed knowledge of the faith'; cf. Pers. کروز 'the knowledge of a secret', 'છુપી બાબતની વાકેફી.'

[illegible] ([illegible]) § XVII., p. 9, l. 3, *interj.* 'would that!' 'ઈચ્છું છું કે!' Cf. Pers. کاج 'would to God that'.

[illegible] ([illegible]) § LXIV., 1, p. 22, l. 10, *n.*, 'the act of treasuring up', 'સંગ્રહ કરવાનું કામ;' cf. Mod. Pers. گنجور *ganjvar*, 'a treasurer,' or *ganjûr* 'a treasure.'

[illegible] ([illegible]) § XXXIII., p. 14, l. 14, *adj.*, 'more precious', 'excellent', 'ઘણું કીમતી'; also [illegible] 'more heavily difficult' 'ઘણું મુશ્કેલ'; or, [illegible]

'more weightily exalted', 'વધારે બોજદાર,' 'વધારે દરજાદાર.'

[Pahlavi] ([Pahlavi]) § XXIII., p. 11, l. 15, *n.*, 'complaint', 'ફરયાદ'; cf. Pers. گلِک ; it can be read [Pahlavi] 'a difficulty,', 'a knotty thing', 'ગુચવણ ભરેલી બાબત'; cf. Pers. گره

[Pahlavi] ([Pahlavi]) § LI., 2, p. 18, l. 16; *n.*, 'a longing', 'આતુરતાઈ ભરેલી ઇચ્છા'; comp. Pers. گرسنگی 'hunger'.

[Pahlavi] ([Pahlavi]) § LIII., 1, p. 19, l. 9, *n.*, 'the arms (of righteousness)', 'રાસ્તીનાં હથ્યારો'; cf. Pers. سلاح 'arms'. [Pahlavi] may be a corruption of کرس from Av. [Pahlavi]

[Pahlavi] ([Pahlavi]) §XXIII., 1, p. 10, l. 14; *n.*, 'intercession', 'કોઈની વચ્ચે ઇનસાફને ખાતર પડવું તે;' cf. Pazend [Pahlavi]

[Pahlavi] ([Pahlavi]) § LXX., 2, p. 24, l. 13, *n.*, 'ill-repute', 'બુરી નામના;' cf. Av. [Pahlavi] 'of evil fame.'

[Pahlavi] ([Pahlavi]) better [Pahlavi] ([Pahlavi]) §LXXII., 1, p. 25, l. 10; *adj.*, 'having a lawful husband', 'પરણેલી'. Comp. Pers. شوهر 'husband'; comp. Av. [Pahlavi] Another reading *shâyîndak.*

[Pahlavi] ([Pahlavi]) § LXXVIII., 1, p. 28, l. 5, *adj.*, 'warm', 'enthusiastic', 'ઊલટમંદ;' Av. rt. [Pahlavi] 'to shine', 'to be warm.'

[Pahlavi] ([Pahlavi]) Intr., p. 1, l. 1, *n.*, 'faith', 'યકીન'; Av. rt., [Pahlavi] 'to believe'. It can also be read [Pahlavi] 'praise', 'invocation', 'આરાધના', 'ભક્તિ,' Av. rt. [Pahlavi] 'to bless', or 'to beseech.'

[Pahlavi] ([Pahlavi]) § LXXII., 2, p. 26, l. 15, *adj.*, 'to expiate sins', 'ગુનાહની તોબેશ કરવી'; from [Pahlavi] 'to expiate', 'to atone for'; comp. Av. [Pahlavi], rt. [Pahlavi] 'to tremble', 'to shake'.

[Pahlavi] ([Pahlavi]) § VII., p. 5, l. 10, *n.*, 'honour', 'આબરૂ', 'ઇજ્જત'; it also means 'disgrace', 'બેઇજ્જતિ;' comp. Pers. ننگ

[Pahlavi] ([Pahlavi]) § XXIX., p. 13, l. 12, *adj.*, 'hospitable', પરોણાગત કરનારો'; cf. Pers. نوید 'good news'. [Pahlavi] is sometimes written [Pahlavi], and it is the Pahl. interpretation or equivalent of the Gathic word [Pahlavi] in Yasna L. § 2.

[Pahlavi] ([Pahlavi]) § LXXVIII., 1' p. 28, l. 5, *n.*, 'confidence', 'ભરૂસો, 'મકકમપણું;' or according to K. and DM. [Pahlavi] 'in good relationship (with goodness),' નેકીની સાથે સારી રીતે જોડાયલો.'

[Pahlavi] ([Pahlavi]) Heading, p. 1, l. 3, *n.*, 'doctrine', 'ઉપદેશ; 'also [Pahlavi] a corrupt form of the Pahl. [Pahlavi] *nask*, Av. [Pahlavi] 'a book'. Dr. West reads it [Pahlavi] 'a compendium.'

[Pahlavi] ([Pahlavi]) § I., 4, p. 2, l. 6, *n.*,

'heart', 'emotion', 'reasoning.' Cf. Av. [illegible], Skr. *varman.*

[illegible] ([illegible]) § XLIII., 1, p. 16, l. 10; *n.*, 'ardent love', ' ખરો જીગરનો પ્યાર ;' comp. Pers. ورز or ورزه 'ardent love', 'perfume', 'a spear'. It can also be read [illegible] 'a pious life', 'પરહેજગાર જીંદગી'. Comp. Mod. Pers. ورز هستي 'a pure life'.

[illegible] ([illegible]) § LV., 1, p. 20, l. 1; *n.*, 'sermons', 'વાઝ ;' comp. Av. [illegible]; Mod. Pers. وعظ 'a sermon'.

[illegible] ([illegible]) § XXVI., 2, p. 12, l. 15; *v.*, dispenses with', ' જે વગર ચલાવે'; it is used also in the sense of 'to distinguish', 'to decide', from Av. [illegible] and [illegible].

[illegible] ([illegible]) § LXIV., 3, p. 22, l. 11; *n.*, 'discrimination', 'ખરૂંખોટું પારખવાની શક્તિ'; Pahl. *inf.* [illegible] Pers. گزیدن 'to select'; Av. [illegible] and [illegible] 'to select'.

[illegible] ([illegible]) § LIX., 1, p. 20, l. 17; *n.*, 'wicked life', 'wicked mastership', 'બુરી જીંદગી,' 'બુરી સરદારી.' Comp. Pahl. [illegible] 'to decay', from Av. [illegible] 'to perish', or 'to cause to perish' and [illegible] 'master', 'life'. It can also be read [illegible] 'boasting', 'બડાઈ', ' ગરૂરી;' or [illegible] 'and worldliness'.

[illegible] ([illegible]) § LXXI., 3, p. 25, l. 11; *n.*, 'a gambler', 'જુગારી.' Cf. Mod. Pers. بازی باختن

[illegible] ([illegible]) § LII., 1, p. 19, l. 3; *v.*, 'I will come in contact with', 'I will touch'; Pahl. *inf.* [illegible] 'to bruise', 'to dash against'. Av. [illegible] and [illegible] Pers. کفتن

[illegible] ([illegible]) § L., 1, p. 18, l. 10; *n.*, 'expiation', 'atonement', ' ગુનાહની તોબેશ, યા પટેટ કરવી તે;' Av. [illegible] 'penitence', *i. e.*, 'withdrawal from sins'.

[illegible] ([illegible]) Intr. p. 1, l. 3; *n.*, 'primitive believers', or, 'those belonging to the primitive Law', 'અસલની દીનના કાયદાને માન આપનારા,' ' કદીમુલઅયામના માઝદયસ્નની યકીનદારો;' Av. [illegible]

[illegible] ([illegible]) § XIII., p. 6, l. 12; *n.*, ' an enemy', દુશ્મન'; it can also be read [illegible] Pers. پرستار 'a servant who serves to produce a sin', 'ગુનાહના કામોમાં મદદ કરનારો નોકર;' also [illegible] same as Av. [illegible] 'an opponent', ' સાંભે થતો શખસ', 'દુશ્મન.'

[illegible] ([illegible]) § XVII., 1, p. 9, l. 1; *adj.*, 'most blessed', ' સૌથી સરસ સુખ યા આશીર્વાદ પામેલો'; cf. Pers. فرخ

[illegible] ([illegible]) § XXXVIII., p. 15, l. 11; *n.*, 'excess', 'પુષ્કળતા', 'હદથી જ્યાદાપણું.' Pahl. [illegible]

[illegible] ([illegible]) § VIII., p. 5, l. 13; *n.*, ' the essence', 'મુળતત્વ,'

'ચંદ્રી' Also it means 'religious expositions', 'a text', 'an essay', 'દીન આબેનાં સખાણો.'

[illegible] ([illegible]) § XXXVII., p. 15, l. 8; *n.*, 'fault', 'તકસીર.'

[illegible] ([illegible]) § XXIII., 6, p. 11, l. 15; *n.*, 'misery', 'દુ:ખ.'

[illegible] ([illegible]) § XXVI., 1, p. 12, l. 11; *n.*, 'a halter', 'બંધ'; cf. Pers. مقود 'a halter'. (2) It can also be read [illegible] a gerundial noun, Pahl. *inf.* [illegible], meaning 'a gift', 'a receipt'. (3) [illegible] 'a tree or garden full of locusts'. (4) [illegible] 'reins', 'bridle'; cf. Arab. مسکوه. (5) Huz. [illegible] 'existence'.

[illegible] ([illegible]) § XLVII., p. 17, l. 11; *n.*, 'stratagems', 'દાવપેચ,' 'કાવાદાવા,' cf. Pers. رنگ

[illegible] ([illegible]) § XVIII., p. 9, l. 8; *n.*, 'neglect', or 'repulsion', 'ધ્યાણ ન આપવું', 'દુર રહેવું'; Pahl. *inf.* [illegible]



